dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-296 | AD-2025, Sravan Sud-06 | Wednesday, Dt.30-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

પાકિસ્તાન આપણા હુમલાનો સામનો કરવા સક્ષમ નહોતુ : મોદી

નવી દિલ્હી, તા.૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, વિશ્વના કોઈ પણ દેશે ભારતને તેની સુરક્ષા માટે કાર્યવાહી કરતા અટકાવ્યું ન હતું. UNના ૧૯૩ દેશોમાંથી, ઓપરેશન સિંદૂર દરમિયાન ફક્ત ૩ દેશોએ પાકિસ્તાનના સમર્થનમાં નિવેદન આપ્યું હતું. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નામ લીધા વિના તેમણે કહ્યું- દુનિયાના કોઈ પણ નેતાએ ભારતને પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી બંધ કરવા કહ્યું નથી. પાકિસ્તાનના DGMOએ ભારતના DGMOને હુમલો રોકવા વિનંતી કરી હતી. કારણ કે તેઓ અમારા હુમલાનો સામનો કરી શક્યા ન હતા. PMએ કહ્યું- ૯ મેની રાત્રે, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ મારી સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો, તેઓ એક કલાક માટે પ્રયાસ કરી રહ્યા હતા. હું સેના સાથે બેઠક કરી રહ્યો હતો. બાદમાં મેં ઉપરાષ્ટ્રપતિને ફોન કર્યો. તેમણે મને કહ્યું- પાકિસ્તાન ખૂબ મોટો હુમલો કરવા જઈ રહ્યું છે. મારો જવાબ હતો- જે લોકો સમજી શકતા નથી તેઓ સમજી શકશે નહીં. જો પાકિસ્તાનનો આ ઈરાદો છે, તો તે તેમને મોંઘુ પડશે.PM મોદીએ કહ્યું કે સેનામાં



જે સુધારા થયા તે આઝાદી પછી થયા. CDSની નિમણૂક કોઈ નવો વિચાર નહોતો, તે દુનિયામાં થાય છે, ભારતમાં આ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. હું સ્પષ્ટ કરવા માગુ છું કે શસ્ત્ર સ્પર્ધાના યુગમાં વિશ્વ શાંતિ માટે ભારતનું સંરક્ષણમાં આત્મનિર્ભર બનવું જરૂરી છે. ભારત બુદ્ધનો દેશ છે, યુદ્ધનો નહીં. આપણે શાંતિ ઈચ્છીએ છીએ. સમૃદ્ધિ અને શાંતિનો માર્ગ ફક્ત શક્તિમાંથી પસાર થાય છે.પીએમ મોદીએ કહ્યું- શાસ્ત્રોમાં કહેવાયું છે, 'શાસ્ત્રેણ રક્ષિતે રાષ્ટ્ર શાસ્ત્ર ચિંતા પ્રવર્તતે', જ્યારે રાષ્ટ્ર શસ્ત્રોથી સુરક્ષિત હોય, ત્યારે જ ત્યાં શાસ્ત્રોની ચર્ચા થઈ શકે છે. ઓપરેશન સિંદૂર છેલ્લા દાયકામાં સેનાના સશક્તિકરણનું પ્રતીક છે. કોંગ્રેસના શાસન દરમિયાન, સેનાને આત્મનિર્ભર બનાવવાનો કોઈ વિચાર નહોતો. આ શબ્દ ગાંધીજી પાસેથી આવ્યો છે, પરંતુ આજે પણ તેની મજાક ઉડાવવામાં આવે છે. તેઓ નાના સાધનો માટે વિદેશી દેશો પર નિર્ભર હતા, આ તેમનો કાર્યકાળ હતો. તેમણે જીપથી લઈને બોફોર્સ સુધીની દરેક વસ્તુ સાથે કૌભાંડો કર્યા. આપણી સેનાઓને શસ્ત્રો માટે દાયકાઓ સુધી રાહ જોવી પડી હતી.

પાકિસ્તાનની ૧૦૦૦ મિસાઈલો હવામાં તોડી પાડવામાં આવી : મોદી

પીએમે કહ્યું- હું એક વધુ આંકડો શેર કરવા માંગુ છું, આખો દેશ ગર્વથી ભરાઈ જશે. ખબર નથી કે કેટલાક લોકોનું શું થશે. પાકિસ્તાને ૧૦૦૦ મિસાઈલોથી હુમલો કર્યો. જો આ પડી હોત તો ઘણો વિનાશ થયો હોત, પરંતુ એર ડિફેન્સે આ મિસાઈલોને આકાશમાં જ તોડી નાખી. દેશનો દરેક નાગરિક ગર્વ અનુભવે છે.પરંતુ એવું લાગે છે કે કોંગ્રેસ રાહ જોઈ રહી હતી કે હવે મોદી ક્યાંક ફસાઈ જશે અને મરી જશે. તેઓએ આદમપુર વિશે જુઠ્ઠાણા ફેલાવવાનો પ્રયાસ કર્યો. બીજા જ દિવસે હું આદમપુર એરબેઝ ગયો અને તેમના જુઠ્ઠાણાનો પર્દાફાશ કર્યો હતો.નાના પક્ષો જે કંઈ કહે તે સમજી શકાય તેવું છે, પરંતુ કોંગ્રેસ પક્ષને શાસનની સંપૂર્ણ સમજ છે. તે દેશનો એક મોટો પક્ષ છે. દેશના વિદેશ મંત્રાલય, ગૃહમંત્રી, સંરક્ષણમંત્રી જે કંઈ કહે તે માનવામાં આવતું નથી. જ્યારે તેઓ સિસ્ટમ પર વિશ્વાસ કરતા નથી, ત્યારે શંકા થાય છે કે તેમની હાલત શું થઈ ગઈ છે.

ઝારખંડના દેવઘરમાં ગેસ સિલિન્ડર ભરેલા ટ્રકમાં બસ અથડાતા ૧૮ કાવડિયાના મોત

દેવઘર,તા.૨૯

શ્રાવણ મહિનામાં કરોડો શિવભક્તો કાવરિયા યાત્રામાં ભાગ લે છે. આ લોકોમાંથી મોટી સંખ્યામાં ઝારખંડમાં સ્થિત જ્યોતિર્લિંગ વૈદ્યનાથ ધામ પણ પહોંચે છે. જોકે, કાવરિયા યાત્રા દરમિયાન ઝારખંડના દેવઘરથી દુઃખદ સમાચાર આવી રહ્યા છે. મંગળવારે દેવઘરમાં એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત થયો હતો જેમાં અત્યાર સુધીમાં ૧૮ કાવડિયાઓના મોત થયા છે. તે જ સમયે, ઘણા અન્ય લોકો ઘાયલ



થયા હોવાના અહેવાલ છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે કાવડિયાઓને લઈ જતી બસ ગેસ સિલિન્ડર ભરેલા ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માત મોહનપુર પોલીસ સ્ટેશન વિસ્તારના જામુનિયા જંગલ પાસે સવારે લગભગ ૪:૩૦ વાગ્યે થયો હતો. કાવડિયાઓથી ભરેલી ૩૨ સીટવાળી બસ અને ગેસ સિલિન્ડર ભરેલા ટ્રક વચ્ચે અથડામણ થઈ હતી. ભાજપના નેતા અને વિસ્તારના સાંસદ નિશિકાંત દુબેએ પુષ્ટિ આપી છે કે આ અકસ્માતમાં ૧૮ કાવડિયાઓના મોત થયા છે. તેમણે પોતાના X હેન્ડલ પર લખ્યું- મારી લોકસભાના દેવઘરમાં શ્રાવણ મહિનામાં કાવડ યાત્રા દરમિયાન બસ અને ટ્રક અકસ્માતમાં ૧૮ શ્રદ્ધાળુઓના મોત થયા છે. બાબા વૈદ્યનાથજી તેમના પરિવારોને દુઃખ સહન કરવાની શક્તિ આપે.

અકસ્માત બાદ, જિલ્લા વહીવટીતંત્રે લોકોને બચાવવા માટે બચાવ કામગીરી શરૂ કરી છે.

ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે અને તેણે કાયદાનું પાલન કરવું પડશે : સુપ્રીમ કોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૯

બિહારમાં મતદાર યાદી અંગે ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયાનો મામલો સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું કે અમે આ સમગ્ર પ્રક્રિયા પર નજર રાખી રહ્યા છીએ અને જરૂર પડ્યે હસ્તક્ષેપ કરીશું. તેણે એમ પણ કહ્યું કે જો મોટા પાયે નામો કાઢી નાખવામાં આવ્યા હોય તો અમે આ મામલે હસ્તક્ષેપ કરીશું. કોર્ટે માહિતી આપી કે આ મુદ્દા પર આગામી સુનાવણી ૧૨ અને ૧૩ ઓગસ્ટના



રોજ થશે. સુપ્રીમ કોર્ટે ખાસ સઘન સમીક્ષા પ્રક્રિયાને પડકારતી અનેક અરજીઓ પર વિચાર કરવા માટે સમયમર્યાદા નક્કી કરી છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી તમામ અરજદારોને ૮ ઓગસ્ટ સુધીમાં તેમની લેખિત દલીલો દાખલ કરવા કહ્યું છે. અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલો કપિલ સિબ્બલ અને પ્રશાંત ભૂષણે ફરી એકવાર આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ દ્વારા ૧ ઓગસ્ટના રોજ પ્રકાશિત થનારી ડ્રાફ્ટ યાદીમાંથી કેટલાક લોકોને બાકાત રાખવામાં આવી રહ્યા છે અને તેઓ તેમના મહત્વપૂર્ણ મતદાન અધિકાર ગુમાવશે. સુપ્રીમ કોર્ટે અરજદારોને ૧ ઓગસ્ટના રોજ ડ્રાફ્ટ યાદી પ્રકાશિત થયા પછી ગેરકાયદેસર રીતે બાકાત રાખવામાં આવેલા લોકોની ઓળખ કરવા કહ્યું. કોર્ટે કહ્યું કે યાદીમાં નામ ઉમેરવા અને સુધારવા માટે ૩૦ દિવસની પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. કોર્ટે કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૫ ની મતદાર યાદી એ આધાર છે જેના પર એસઆઈઆરની પ્રક્રિયા ચાલી રહી છે. અમે આ પ્રક્રિયા પર સતત નજર રાખી રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટ હવે ૧૨ ઓગસ્ટના રોજ આ મામલાની વિગતવાર સુનાવણી કરશે.



પાક્કા હિન્દુ હોવાનો અર્થ બીજાઓ સાથે દુર્વ્યવહાર કરવાનો નથી : મોહન ભાગવત

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૯

આરએસએસ વડા મોહન ભાગવતે હિન્દુઓને સંયમિત અને શિસ્તબદ્ધ રહેવાની સલાહ આપી છે અને કહ્યું છે કે પાક્કા હિન્દુ હોવાનો અર્થ કોઈની સાથે દુર્વ્યવહાર કરવાનો નથી. તેમણે કહ્યું કે ઘણી વખત લોકોને ગેરસમજ થાય છે કે પાક્કા હિન્દુ હોવાનો અર્થ બીજાઓ સાથે દુર્વ્યવહાર કરવાનો છે.



આવું નથી, પુક્કા હિન્દુ હોવાનો અર્થ કોઈનો વિરોધ કરવાનો નથી. તેમણે કહ્યું, આપણે ચાર લોકોની એક ફેમ બનાવીએ છીએ. જે અંદર છે તે ધર્મ છે, ભલે તે પરંપરામાં હોય કે ન હોય. જે બહાર છે તે અધર્મ છે, ભલે તે પરંપરામાં હોય કે ન હોય. આ દરમિયાન, સંઘના વડાએ સત્ય, કરુણા, સુચિતા, તપ અપનાવવા પર ભાર મૂક્યો.આરએસએસના વડા મોહન ભાગવતે કોચીમાં કાર્યક્રમને સંબોધતા કહ્યું કે આપણે કોઈના પ્રતિભાવમાં હિન્દુ નથી. આપણે હિન્દુ છીએ, હિન્દુ જેવા છે, તેમાં દરેકનો સમાવેશ થાય છે. જે લોકો આ વિવેકથી કામ કરે છે, તેઓ ઘણા લોકો હિન્દુ સમાજના ટોળા ભેગો કરી શકે છે. જે લોકો સારા, દૃઢ, સાચા હિન્દુ બનીને રાષ્ટ્રીય કાર્યમાં હિન્દુઓને સામેલ કરવા માંગે છે, તેમણે સમજદાર બનવું પડશે. આપણે આ બધાની સમીક્ષા કરીશું, આપણે આ જોવું પડશે. આપણે જે પ્રોજેક્ટ્સ સ્થાપીશું, જે વિવિધ યોજનાઓ ચલાવીશું તેના વિશે આપણે વિચારવું પડશે. સંઘના વડાએ કહ્યું, આપણે ધર્મ વિશે વાત કરીએ છીએ, લોકો ધર્મનો અર્થ ધાર્મિક વિધિઓમાંથી લે છે. તેઓ તેને નિયમો અને પ્રતિબંધોમાંથી લે છે. જો સામાન્ય લોકો ધર્મનું પાલન કરવા માંગતા હોય, તો તે શિસ્તમાંથી પસાર થવું પણ ગર્ભિત છે. આરએસએસના વડા મોહન ભાગવત હાલમાં કેરળના પ્રવાસે છે. મોહન ભાગવતે અમૃત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ ખાતે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા આયોજિત વ્યાખ્યાનને સંબોધિત કર્યું.

પહેલગામ હુમલામાં સામેલ ત્રણેય આંતકીઓને જહન્નતમાં પહોંચાડી દેવાયા : અમિત શાહ

નવી દિલ્હી, તા.૨૯

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ગઈકાલના ઓપરેશનમાં, ત્રણેય આતંકવાદીઓ - સુલેમાન, અફઘાન અને જિબ્રાન માર્યા ગયા હતા. જે લોકો તેમને ખોરાક પહોંચાડતા હતા તેમને પહેલાથી જ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. જ્યારે આ આતંકવાદીઓના મૃતદેહ શ્રીનગર લાવવામાં આવ્યા હતા, ત્યારે અમારી એજન્સીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવેલા લોકોએ તેમની ઓળખ કરી હતી. પહેલગામમાં ધર્મ પૂછીને લોકોને



મારનારા ત્રણેય આતંકવાદીઓ માર્યા ગયા છે. ચાર લોકોએ આ આતંકવાદીઓને ઓળખી કાઢ્યા હતા, જેના પછી તેઓ માર્યા ગયા હતા. તેમની પાસેથી મળેલા કારતુસથી પણ પુષ્ટિ થાય છે કે આ લોકોએ પહેલગામમાં નિર્દોષ લોકો પર હુમલો કર્યો હતો. અમિત શાહે વિપક્ષ પર નિશાન સાધ્યું અને કહ્યું, મને અપેક્ષા હતી કે તેઓ પહેલગામ આતંકવાદીઓના માર્યા જવાના સમાચાર સાંભળીને ખુશ થશે, પરંતુ એવું લાગે છે કે તેઓ તેનાથી ખુશ નથી.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
બુધવાર, તા.૩૦-૦૭-૨૦૨૫

૨૦ થી ૨૫ની સંખ્યામાં ફરતા ઝુંડના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા

લાઠી, લીલીયા, દામનગર વિસ્તારમાં રોઝડાનો ત્રાસ : પાકને નુકસાન

દામનગર, તા. ૨૯

દામનગર, લાઠી, લીલીયા તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં રોજડાના ૨૦ થી ૨૫ની સંખ્યામાં ફરતા ઝુંડના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ ઝુંડ જે ખેડૂતના ખેતરમાં પડે તેનો સત્યાનાશ વળી જાય છે. ખેડૂતોએ મોંઘું બિરાયણ વાવીને મહા મહેનતે ઉગાડેલા પાકનો સોથ બોલાવી દેવાય છે. લીલીયા તાલુકાના એકલારાના ખેડૂતના ખેતરમાં હજીતો માંડમાંડ ઊગી નિલકેળ કપાસને નિલ ગાયનું ઝુંડ પડતા સંપૂર્ણ સાફ કરી દીધો હતો. અત્યારે ખેડૂત પરિવાર દ્વારા એરંડાના બી રોપવાનું કામ કરાઈ રહ્યું છે. લાઠી, લીલીયા, દામનગર વિસ્તારમાં અનેક ખેડૂતોના ખેતરમાં રોજડાના ઝૂંડ ઉતરી



પડવાની વધતી ઘટનાઓ અંગે સરકાર દ્વારા ખેડૂતોના પાક રક્ષણ માટે પ્રબંધ કરાય તેવી બુલંદ માંગી ઉઠી રહી છે. ખારા પાટ વિસ્તારમાં રોડ ઉપર નીકળતા વાહન ચાલકોમાં પણ ભય જોવા મળે છે. ૨૦ થી ૨૫ની સંખ્યામાં રોડ ઓળંગતા રોઝડાના કારણે અનેક વખત ગંભીર અકસ્માતો પણ બની રહ્યા છે. રોઝડાના વધતા ત્રાસથી ખેડૂત સમાજમાં ભારે નારાજગી ઉભી થઈ રહી છે. નાસીપાસ થઈ નિસાસા નાંખતા ખેડૂતોના પાક રક્ષણ માટે સરકાર દ્વારા યોગ્ય પ્રબંધ કરાય તેવી માંગ ઉઠી રહી છે.

સા.કુંડલામાં રસ્તા પર ગંદકી અને ખાડા અંગે રજૂઆત

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલામાં મધુભાઈ નરશીભાઈ ગજેરા નામના નાગરિકે શહેરની સમસ્યાઓ અંગે નગરપાલિકા અને ધારાસભ્યને પત્ર લખી રજુઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, સાવરકુંડલામાં સ્મશાનથી શિતળા માતાના મંદિરથી લીડકીયા નહેરા સુધી ત્રણથી ચાર ઘરના લોકો ઘર વપરાશનું ગંદુ પાણી તથા ખુલ્લા નળ દ્વારા પાણીનો જાહેર રસ્તા ઉપર નિકાલ કરે છે. આ ઉપરાંત પશુઓનું ખાતર, અન્ય કારણોસર



ખોદેલ ખાડા અને ખુલ્લી ગટરનું પાણી આ રસ્તા ઉપર આવી જતાં ગંદકી ઊભી થાય છે. આ રસ્તા ઉપર જલારામ સોસાયટી, ઘનશ્યામ નગર તથા દાસીજીવણ સોસાયટીના ૧૦૦૦ થી ૧૫૦૦ માણસોની અવર જવર તથા પટેલવાડી વિસ્તારથી ૪૦થી ૫૦ ખેડુતો ખેતરે જવા-આવતા હોવાથી તેમને આ ગંદકીમાંથી પસાર થવું પડે છે. ચોમાસાની ઋતુમાં રોગચાળો પ્રસરે તે અગાઉ આ સમસ્યાનું નિરાકરણ કરવું જરૂરી છે.

ધારાસભ્ય જે.વી. કાકડિયાના પ્રયાસોથી ચલાલા અને ખાંભાને મળશે અત્યાધુનિક હોસ્પિટલ

ચલાલા,તા.૩૦

ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા દ્વારા ધારી અને બગસરા બાદ હવે ચલાલા અને ખાંભા શહેરોને પણ અત્યાધુનિક હોસ્પિટલ મળશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આનાથી સ્થાનિક નાગરિકોને ઘરઆંગણે જ ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. ચલાલા શહેરમાં રૂ.૫.૫૦ કરોડના માતબર ખર્ચે અત્યાધુનિક હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. આ હોસ્પિટલમાં તમામ પ્રકારની આધુનિક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી નાના-મોટા રોગોની સારવાર માટે લોકોને દૂર જવાની જરૂર નહીં પડે. આ હોસ્પિટલનું ખાતમુહૂર્ત



ટૂંક સમયમાં જ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.ચલાલાની જેમ ખાંભા શહેરને પણ અદ્યતન હોસ્પિટલની ભેટ મળશે. જોકે, ખાંભા માટેના ખર્ચની વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી. જે.વી. કાકડિયાએ આ અંગે જણાવ્યું હતું કે, ×પ્રજાના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવું એ અમારી નૈતિક જવાબદારી છે. ચલાલા અને ખાંભાના લોકોને પણ આધુનિક તબીબી સુવિધાઓનો લાભ મળે તે માટે અમે કટિબદ્ધ છીએ.×

વિઠ્ઠલભાઈ રાદડીયાની પુણ્યતિથિએ વડીયામાં રક્તદાન કેમ્પ યોજાયો

વડીયા,તા.૨૯

ખેડૂત નેતા વિઠ્ઠલભાઈ રાદડીયાની છઠ્ઠી વાર્ષિક પુર્ણતિથિ નિમિતે વડિયાના યુવાનો દ્વારા પટેલ વાડી ખાતે મહા રક્તદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રક્તદાન કેમ્પમાં વિઠ્ઠલભાઈ રાદડિયાની તસ્વીર સામે દીપ પ્રાગટ્ય કરી વડિયા બિલેશ્વર મંદિરના મહંત વિભૂતિ નાથજી તથા સ્વામિનારાયણ મંદિરના સંતોના



હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં યુવાનોએ ૧૧૧ બોટલ રક્તદાન કરી શ્રદ્ધાંજલિ સાથે સમાજસેવા રૂપી અનોખું કાર્ય કર્યું હતું. આ કેમ્પમાં જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાએ ઉપસ્થિત રહી દરેક રક્તદાતાને રૂબરૂ

ધારાસભ્ય જયેશ રાદડીયાએ રક્તદાતાઓની મુલાકાત લઈ અભિનંદન પાઠવ્યા

મળી અને આયોજકો સહીત ઉપસ્થિત તમામ રક્તદાતાઓ અને લોકોને પ્રોત્સાહિત કરી આભાર માન્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે વડિયા મિત્ર મંડળ તથા સ્થાનિક લોકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

બાબરાના અમરાપરા ગામે આરએસએસના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા કાર્યકર્તાઓ દ્વારા ઉજવણી કરાઈ

બાબરા,તા.૨૯

બાબરાના અમરાપરા ગામે આર.એસ.એસ.ના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા ગામના આગેવાનો દ્વારા રામનાથ મંદિરે વિશેષ ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે ગુરુપૂર્ણિમાની પણ ઉજવણી કરવામાં આવી હતી. પૂર્ણિમા સાથે સંકળાયેલ હર્ષોત્સવ પણ ઉજવાયો હતો. આ તકે અજીતભાઈ



ખોખરીયા, ભરતભાઈ પાદરીયા ચેતનભાઈ સોની, સંજયભાઈ ચેલીયા અને આરએસએસના સભ્યો દ્વારા ભવ્ય ધ્વજારોહણ કરી ભગવા ધ્વજની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

લોકોએ પુલ પર બેસી રામધુન બોલાવી

મોટી કુકાવાવ ખાતે પુલ જર્જરીત હાલતમાં હોવાથી રહીશોમાં ભારે આક્રોશ

અમરેલી, તા.૨૯

મોટી કુકાવાવ ખાતે રામપરા તેમજ મોદી પ્લોટને જોડતો પુલ છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં હોવાથી આ વિસ્તારના રહીશોમાં ભારે આક્રોશ ફેલાયો છે અને તાત્કાલિક પુલનું સમારકામ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. મોટી કુકાવાવના રામપરા તેમજ મોદી પ્લોટને જોડતો પુલ ખૂબ જ બિસ્માર હાલતમાં હોવાથી આ પુલને નવો બનાવવા એક વર્ષ પહેલા આંગણવાડીના લોકાર્પણ સમયે આવેલા ધારાસભ્ય કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે આ પૂલ મંજુર થઈ ગયેલ છે. ધારાસભ્યની આ બાહેધરી



બાદ પણ એક વર્ષથી પુલનું કામ શરૂ કરવામાં આવ્યું નથી જેથી ગામ લોકોએ આ પુલ પર બેસી રામધુન બોલાવી

રહીશોની મુશ્કેલીને ધ્યાને તાત્કાલિક પુલ બનાવવા માટે તેવી માંગ કરવામાં આવી

ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. લોકોની જરૂરિયાતને ધ્યાનમાં લઈ તાત્કાલિક આ પૂલ નવો બનાવવામાં આવે તેવી ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી છે.

ગજેરા કેમ્પસના ખેલાડીઓએ કબડ્ડી સ્પર્ધાઓમાં મેડલ પ્રાપ્ત કર્યા

અમરેલી, તા.૨૯

અમરેલીમાં ૨૬ જુલાઈના રોજ ૬૯મી શાળાકીય તાલુકા SGFI કબડ્ડી સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના ખેલાડીઓએ U-૧૪, U-૧૭, U-૧૯ ટીમમાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસના ખેલાડીઓએ શ્રેષ્ઠ કુશળતા, ટીમ વર્ક અને પ્રતિબદ્ધતાના આદર્શ રજૂ કરતાં તમામ મેચોમાં વિજય હાંસલ કરીને પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવ્યું છે. તેમાં અંડર-૧૭માં પ્રથમ સ્થાની ટીમમાં (વ્યાસ કિષ્ના વિવેકભાઈ, ગઢીયા તન્મય મનીષભાઈ, સોરઠીયા આર્યન કિશોરભાઈ, ડેરવાળિયા સુમિત અશોકભાઈ, અગ્રાવત આર્યન ભરતભાઈ, સાંખટ તુષાર ભરતભાઈ, નિમાવત હર્ષ રાજુભાઈ, હુકણ હાર્દિક માણાભાઈ, ગોંડલીયા



કાવ્ય મનોજભાઈ, પરમાર પ્રિન્સ ગોરધનભાઈ, ઝાપડિયા અમિત પ્રવીણભાઈ,પરવાડીયા જીત રોહિતભાઈ) સમાવશે થાય છે. આ ઉપરાંત અંડર-૧૪ અને અંડર-૧૯ ડાભી કિસ્મત સંજયભાઈ, લાખણોત્રા નરેશ શીવાભાઈ, મેર જતીન મોહનભાઈ, ઝાપડીયા આદિત્ય મનસુખભાઈ, લાખણોત્રા સંજય સાવજભાઈ, વંશ વિરાજ રમેશભાઈ, દાફડા અનિરુદ્ધ મનસુખભાઈ, ભાલીયા કિશન શામજીભાઈ, પાટીયા દર્શન હનુભાઈ, કામજળીયા વિવેક વિજયભાઈ,જાદવ હિતેશ રમેશભાઈએ દ્વિતીય સ્થાન મેળવેલ છે. આ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી દ્વારા સ્પર્ધકો અને ટ્રેનરને અભિનંદન આપવામાં આવેલ હતા.

અમરેલીની શ્રીજી વિદ્યાર્થી ભુવન શાળામાં બે દિવસીય ગણિત વર્કશોપનું આયોજન

અમરેલી, તા.૨૯

અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવન-સરસ્વતી વિદ્યાલયમાં ગુજરાત ગણિત મંડળ અને અમરેલી ગણિત વર્તુળ દ્વારા બે દિવસીય ગણિત વર્કશોપનું આયોજન ૨૫-૨૬ જુલાઈના રોજ થયું હતું. જેમાં તજજ્ઞ તરીકે વ્યાસભાઈ, પટેલભાઈ અને ડો. ગજજર ખાસ ઉપસ્થિત રહીને ગણિતના કોયડાઓનો ઉકેલ સરળતાથી ગણિત શીખવાની પદ્ધતિઓ, ગણિતને ગમ્મત સાથે જ્ઞાન મળે તેવી રીતથી શીખવાની શૈલીઓ સમજાવી હતી. વિદ્યાર્થીઓમાં ગણિત



વિષયમાં રૂચિ વધે, ગણિત વિષય ભાર વગરનો અને મનગમતો થાય તેવા હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
મોનસૂન એક્સચેંજ કાર્નિવલ
- 21 - 28 જુલાઈ -
એક્સચેંજ બોનસ
₹3000* સુધી
તમારા જૂના ટુ વ્હીલરને બ્રાન્ડ ન્યૂ હીરોમાં પરિવર્તિત કરો.

Destini 125 THE NEW DESTINI PRIME Pleasure+ XOOM
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz


સોના-ચાંદીની ખરીદી માટે આજે જ પધારો
અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...
શ્રીનાથજી જ્વેલર્સ (અમરાપુર વાળા)
અંકિત સોની: 99257 57581 / 92650 95977
ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.
બ્રાન્ચ-૧ યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)
હિરેન સોની: 94292 20847 / 81412 07736
ચકકરગઢ રોડ, ફાટક ઉતરતા, અમૃતનગર શેરી નં.૨, સહજ હોલની બાજુની ગલીમાં, અમરેલી.
બ્રાન્ચ-૨ શ્રી યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)
વિરેન સોની: 98246 28370
હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.

અમરેલી જિલ્લામાં રોડ રસ્તા પર યમરાજના આંટાફેરા વધ્યા

જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટના: એકનું મોત

અમરેલી, તા.૨૯

અમરેલી જિલ્લામાં અકસ્માતનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. બનાવ સંદર્ભે લીલીયા મોટાના ખારા ગામે રહેતા પ્રવીણભાઈ લવજીભાઈ પરમારે જાહેર કર્યા મુજબ, તેમના મિત્ર અજયભાઈ વિપુલભાઈ શિહોરા (ઉ.વ.૨૫) અને તેઓ શાખપુર ગામ પાસેથી પસાર થતાં હતા ત્યારે ગાય સાથે બાઈક અથડાઈ હતી. જેથી સંતુલન ગુમાવતા તેમના માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી આર ડાભી વધુ તપાસ કરી રહ્યા છે. ધારીના દેવળા ગામે રહેતા અને પ્લંબીંગનો ધંધો કરતા રમેશભાઈ ઉર્ફે સંજયભાઈ જેરામભાઈ મહિડાએ જાહેર કર્યા મુજબ, તેઓ તથા તેમના બનેવી મોટર સાયકલ લઈને રામપુર ગામથી દેવળા ગામે જતા હતા. આ સમયે હામાપુર ગામ પાસે જીજે-૧૪-એક્સ-૧૫૦૩ના બોલેરો ચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં તેમને શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી જ્યારે તેમના બનેવીને ગંભીર ઈજા થતાં સારવારમાં લઈ જવાયા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું. અકસ્માત બાદ ચાલક ફરાર થઈ ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે જી મૈયા વધુ તપાસ કરી રહ્યા છે. બાબરાના મોટા દેવળીયા ગામે રહેતા જેન્સીબેન હિતેષભાઈ ડેરે ટ્રક ટેલર નંબર જીજે-૧૨-બીઝેડ-૪૯૧૭ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તેના મામાના દીકરાની મોટર સાયકલ પર બેસીને ચાવંડ ગામે કટલેરી લેવા જતા હતા. આ સમયે ચાવંડ બાબરા હાઈવે ઉપર નેશનલ ફિઝની દુકાન પાસે પહોંચતા ટ્રેલર ચાલકે તેમની બાજુ ટ્રક દબાવી ઠોકર મારી હતી. જેથી તેઓ તથા સાહેદ નીચે પડી ગયા હતા. આ સમયે ટ્રેલરનો કોઈ ભાગ તેમને વાગી જતાં ઘુંટણથી સાથળ સુધીના હાડકા દેખાઈ ગયા હતા. અકસ્માત સર્જી ચલક ફરાર થઈ ગયો હતો.

બગસરા શહેર ભાજપ મંડળના નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી

નવા વરાયેલા હોદ્દેદારો પર અભિનંદનની વર્ષા

બગસરા તા ૨૯

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી દ્વારા બગસરા શહેર ભાજપ મંડળમાં નવા હોદેદારોની નિમણૂક કરવામાં આવી છે. બગસરા શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણીની ટીમમાં મહામંત્રી તરીકે પ્રવીણભાઈ બોરડ અને હિરેનભાઈ ચૌહાણને વરણી કરવામાં આવી છે તેમજ ઉપપ્રમુખ તરીકે નટુભાઈ કુબાવત, નીરવભાઈ ગોંડલીયા, મુકેશભાઈ નારીગરા, વર્ષાબેન પરમાર, મૂળજીભાઈ મહીડા અને કિશોરભાઈ ઘાડિયાની વરણી કરવામાં આવી છે. જ્યારે મંત્રી તરીકે દક્ષાબેન ટીંબડીયા, સુરેન્દ્રભાઈ બસિયા, પ્રવીણભાઈ વાળા,રેખાબેન ઝિંઝુવાડીયા, જયસુખભાઈ મકવાણા અને મહેશભાઈ માંડલિયાની નિમણૂક કરવામાં આવી છે. તેમજ કોષાધ્યક્ષ તરીકે સચિન પંડ્યાની વરણી કરવામાં આવી છે. આ વરણીને જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના આગેવાનોએ આવકારી છે.

સાવરકુંડલામાં વાડીએથી યુવકનો મોબાઈલ ચોરાયો

યુવકે અજાણ્યા ઈસમ સામે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલામાં રહેતા એક યુવકે તેની વાડીએ આવેલી ઓરડી બહાર મોબાઈલ ફોન રાખ્યો હતો. જેની અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો જે મુજબ દકુભાઈ મીઠાભાઈ નગવાડીયા (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, તેમણે નિર્દોષાનંદ આશ્રમ પાસે આવેલી વાડી ભાગવી વાવવા રાખી હતી. ઓરડીની બહાર રાખેલો મોબાઈલ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. તેની કિંમત ૯૯૯૯ રૂપિયા જાહેર થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે એલ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

વડેરાના આયુષ્યમાન આરોગ્ય મંદિરમાં જોખમી સગર્ભા મહિલાઓની તપાસ

વડેરા,તા.૨૯



વડેરાના આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે મેડિકલ ઓફિસર મોટા આંકડીયા ડો. મીત મોદી દ્વારા વડેરા અને રંગપુર ગામની જોખમી સગર્ભા મહિલાઓની તપાસ કરવામાં આવેલ હતી. જે સગર્ભાઓનું હિમોગ્લોબીન ઓછું આવતું હોય તે તમામને આર્યન સુક્રોઝની બોટલ ચડાવવામાં આવેલ તથા દરેક જોખમી સગર્ભાને પોષણ કીટ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં વડેરા ગામના જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણભાઈ માંગરોળીયા તથા ગ્રામ પંચાયતના સભ્ય હિંમતભાઈ સોહલીયા ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારી સપનાબેન રાણવા, ડી.જી. રાજ્યગુરૂ, સબ્બીરભાઈ ભટ્ટી, બિલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવે સહિતના આરોગ્ય કાર્યકરોએ જહેમત ઉઠાવેલ હતી.

બાબરા ખાતે વેલનાથ પ્રગતિ મંડળની મીટીંગ યોજાઈ

બાબરા,તા.૨૯



બાબરામાં ગત તારીખ ૨૫ ના રોજ વેલનાથ પ્રગતિ મંડળની મીટીંગ યોજાઈ હતી. જેમાં મંડળના નવા પ્રમુખ તરીકે સુરેશભાઈ ધાખડાની સર્વનું મતે વરણી કરવામાં આવી હતી. મીટીંગ દરમિયાન સક્રિય સભ્યો હાજર રહ્યા હતા. જેમાં ખાસ કરીને મુકેશભાઈ પીપળવા, મહેશભાઈ પંચાસરા, ખોડલભાઈ મકવાણા, ભાવેશભાઈ ઝાંઝવાડીયા, દિનેશ ડાભી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. મંડળના નેતૃત્વ નીચે આગામી દિવસોમાં વિકાસલક્ષી આયોજન અને સામાજિક પ્રવૃત્તિઓ વધુ ગતિ પામશે તેવી આશા સભ્યો દ્વારા કરવામાં આવી હતી.

ચેક બાઉન્સ કરાવી કોર્ટમાં કેસ કરવાની ધમકી પણ આપી

સાવરકુંડલામાં નોકરી કરતા પુરુષને ચક્રવૃદ્ધિ વ્યાજની ઉઘરાણી કરી ત્રાસ આપ્યો

સાવરકુંડલા, તા.૨૯

હાલ સાવરકુંડલામાં રહીને નોકરી કરતા મૂળ શેલણા ગામના રમેશભાઈ માવજીભાઈ પરમારે હાલ મુંબઈ રહેતા મૂળ શેલણા ગામના દિપકભાઈ ગોવિંદભાઈ ખુમાણ સામે ચક્રવૃદ્ધિ વ્યાજની ઉઘરાણી કરી ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા તેમના પિતાએ વર્ષ ૨૦૧૮ માં આરોપી દિપકભાઈ પાસેથી રૂ.૧,૧૦,૦૦૦ ત્રણ ટકાના ઉંચા વ્યાજે લીધા હતા. તેના બદલામાં તેમના પિતા માવજીભાઈ રાજાભાઈ પુંઘેરાએ તેમના નામે શેલણા ગામે આવેલા પ્લોટનો સીક્યુરીટી પેટે રૂ.૧,૧૧,૦૦૦ નો કરાર ખત આરોપીને કરી આપ્યો હતો. બાકી રહેતી વ્યાજની રકમ તેમણે આરોપીને રોકડા તથા ઓનલાઈન મળી રૂ.૯૨,૦૦૦ ચુકતે કરી દીધી હતી.

હાલ મુંબઈ રહેતા મુળ શેલણા ગામના ઈસમ સામે ફરિયાદ

તેમ છતાં તેમની પાસેથી વધુ પૈસા મેળવવા ચક્રવૃધ્ધિ વ્યાજે રૂપિયાની ઉઘરાણી કરવા સારૂ તેમની પાસેથી ઠગાઈ કરવાના ઈરાદે મેળવેલા કોરા ચેક બાઉન્સ કરાવી કોર્ટમાં દાવો દાખલ કરી સમાધાન પેટે રૂ.૬,૦૦,૦૦૦ ની માંગણી કરી હતી. તેમજ ખોટો કેસ કરી તેમને નોકરીમાંથી બરતરફ કરાવવાની ધમકી આપી હતી. વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ પી જે રામાણી વધુ તપાસ કરી રહ્યા છે.

આઠ મોટરસાયકલની ચોરી કરનાર બગસરાના શખ્સને એલસીબીએ ઝડપી પાડ્યો

બગસરા,તા. ૨૯



અમરેલી એલસીબી પોલીસની ટીમ બગસરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે પોલીસને બાતમી મળેલ કે એક ઈસમ શંકાસ્પદ મોટરસાયકલ લઈ આંટાફેરા મારતો હોવાથી પોલીસે આ ઈસમની પૂછપરછ કરતા ૮ મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલાયો હતો. અમરેલી એલસીબી પોલીસ બગસરા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે એલસીબીને બાતમી મળી હતી કે એક ઈસમ શંકાસ્પદ મોટરસાયકલ આટાફેરા કરતો હોવાથી એલસીબીએ આ શખ્સની પૂછપરછ કરતા આ શખ્સે પોતાનું નામ અસલમ આમદ પબડા ઉંમર વર્ષ ૪૦ રહે. નટવર નગર બગસરાવાળો હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપીની સઘન પૂછપરછ કરતા તેમણે રાજુલા,ગોંડલ, બોટાદ જુનાગઢ વિસ્તારમાંથી કુલ આઠ મોટરસાયકલ ની ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપીના કબજામાં રહેલ ૮ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૨.૧૫ લાખનો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મોટરસાયકલની આઠ ચોરીનો ભેદ ઉકેલાયો

એલસીબીએ અસલમ આમદ પબડાની પૂછપરછ કરતા તેની સામે રાજુલામાં બે, બોટાદમાં એક જુનાગઢ બી ડિવિઝનમાં ત્રણ, ગોંડલ બી ડિવિઝનમાં બે મળી કુલ ૮ અન ડિટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરવામાં એલસીબીને સફળતા મળી છે.

બાબરાના વાવડા ગામના યુવકે ઝેરી ટીકડા પીધા

બાબરા, તા.૨૯

બાબરાના વાવડા ગામે રહેતા એક યુવકે માનસિક બીમારીથી કંટાળી ઝેરી ટીકડા પીધા હતા. જેના કારણે તેનું મોત થયું હતું. બનાવ સંદર્ભે વિઠ્ઠલભાઈ કરમશીભાઈ રામાણી (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, કિશોરભાઈ હરજીભાઈ રામાણી (ઉ.વ.૪૦)ને છેલ્લા પાંચ વર્ષથી માનસિક બિમારી હતી. જેથી કંટાળી અનાજમાં નાંખવાના ઝેરી ટિકડા ખાઈ જતાં મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે સી સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

જિલ્લામાં ૨૮ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં પોલીસે ૨૮ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. આઠ મહિલા સહિત ૨૮ લોકો પાસેથી ૮૦ લીટરથી વધુ દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૨૭ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા. સાવરકુંડલામાંથી એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ સાથે ઝડપાયો હતો.

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ

અવધ બેસન

વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો



દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ

અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેંકિગમાં ઉપલબ્ધ

સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન

સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ

પ્લોટ નં.૮૨–૧. જી.આઈ.ડી.સી.-અમરેલી

V : ૯૮૯૮૨૮૬૦૮૩, R : ૯૮૨૪૨ ૩૦૫૧૫

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),રાજકરગઢ રોડ,અમરેલી -Ad 115

સંકુલ B.Sc. માઈક્રોબાયોલોજી - બાયોટેક્નોલોજી પ્રવેશ

સંકુલ B.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ

સંકુલ B.A. મનોવિજ્ઞાન - સમાજશાસ્ત્ર - ઈંગ્લીશ પ્રવેશ

સંકુલ SU - AICTE માન્ય BCA - BBA પ્રવેશ

B.Pharm.-M.Pharm.-B.Ed.-PG DMLT પ્રવેશ

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૫૨/૨૦૨૫

અરજદાર :- શ્રી વેગળ ભાણાભાઈ દેગણભાઈ
સરનામું :- મું. ભાડા, તા.જાફરાબાદ, જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - ભાડા મું. ભાડા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ભાડા ગામના શ્રી વેગળ ભાણાભાઈ દેગણભાઈએ તેમના પુત્ર નામે શ્રી સાગરભાઈ ભાણાભાઈ વેગળ નો જન્મ તા.૨૩/૦૩/૨૦૦૫નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.એન.ખટાણા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
સ્થળ : જાફરાબાદ — કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તા.૦૬/૦૬/૨૦૨૫ — જાફરાબાદ

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૧૪/૨૦૨૫

અરજદાર :- શ્રી જોગાણી જયાબેન કાળુભાઈ
સરનામું :- મું. ખાલસા કંથારીયા, તા.જાફરાબાદ, જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - ખાલસા કંથારીયા મું. ખાલસા કંથારીયા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા ગામના શ્રી જોગાણી જયાબેન કાળુભાઈ એ તેમના પુત્ર નામે શ્રી સાગર કાળુભાઈ જોગાણી નો જન્મ તા.૧૮/૦૨/૧૯૯૨નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
સ્થળ : જાફરાબાદ — કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તા.૦૬/૦૬/૨૦૨૫ — જાફરાબાદ

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૫૦/૨૦૨૫

અરજદાર :- શ્રી સંગીતાબેન નારણભાઈ સાંખટ વા/ઓ સાદુળભાઈ પરમાર
સરનામું :- મું. ઘનશ્યામનગર, મહુવા, તા.મહુવા, જી.ભાવનગર
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ મું. બાબરકોટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જિલ્લાના મહુવા ગામના શ્રી સંગીતાબેન નારણભાઈ સાંખટ વા/ઓ સાદુળભાઈ પરમાર તેમના માતા નામે સ્વ.શ્રી લખમીબેન નારણભાઈ સાંખટનું મરણ તા.૦૮/૦૯/૧૯૮૦નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
સ્થળ : જાફરાબાદ — કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તા.૦૬/૦૬/૨૦૨૫ — જાફરાબાદ

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૬૧/૨૦૨૫

અરજદાર :- શ્રી ભાયાભાઈ નનાભાઈ સોલંકી
સરનામું :- મું. વઢેરા, તા.જાફરાબાદ, જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા મું. વઢેરા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામના શ્રી ભાયાભાઈ નનાભાઈ સોલંકીએ તેમના પુત્ર નામે શ્રી ભરતભાઈ ભાયાભાઈ સોલંકી નો જન્મ તા.૦૫/૦૮/૧૯૯૬નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.એન.ખટાણા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
સ્થળ : જાફરાબાદ — કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તા.૦૬/૦૬/૨૦૨૫ — જાફરાબાદ

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમા

જન્મ/મરણ અરજી નં.૧૮૪/૨૦૨૫

અરજદાર :- શ્રી ચૌહાણ હાકાભાઈ કરસનભાઈ
સરનામું :- મું. વઢેરા, તા.જાફરાબાદ, જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા મું. વઢેરા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામના શ્રી ચૌહાણ હાકાભાઈ કરસનભાઈ એ તેમના માતા નામેશ્રી લક્ષ્મીબેન કરસનભાઈ ચૌહાણ નું મરણ તા.૨૯/૧૨/૧૯૯૨ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.એન.ખટાણા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૬ માહે. જુલાઈ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
સ્થળ : જાફરાબાદ — કોર્ટનો સિક્કો — તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તા.૧૬/૦૭/૨૦૨૫ — જાફરાબાદ

તંત્રી લેખ

લોકશાહીની ગરિમાનું જતન કરવું જરૂરી

જે રીતે અમેરિકા વિશ્વની સૌથી જૂની લોકશાહી છે તેવી જ રીતે ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે તેના ગૌરવનું જતન થવું જરૂરી છે તે આપણા સાંસદો હજી સમજી શક્યા નથી.ભારતની લોકશાહી વિશ્વની અંદર અત્યંત પ્રભાવશાળી માનવામાં આવે છે પરંતુ હવે સંસદમાં જે રીતે વિરોધ પક્ષો બેફામ રીતે વર્તી રહ્યા છે તે જોતા સંસદની આ અરાજકતા લોકશાહી માટે એક નામોશી રૂપ બની ચૂકી છે. સંસદમાં ચોમાસુ સત્ર શરૂ થયું પછી વિરોધ પક્ષોએ સંસદને સારી રીતે ચાલવા દીધી નથી. પ્રજાએ ચૂટેલા આ પ્રતિનિધિઓ જે રીતે વર્તી રહ્યા છે તે લોકશાહીના મૂલ્યો માટે જરા પણ વ્યાજબી નથી કારણ કે જનતાએ તેમને પોતાનો અવાજ સંસદમાં રજૂ કરવા માટે મોકલ્યા છે.શોર બકોર કરવા નહીં પરંતુ આ લોકો ત્યાં જઈને જ્યારે બેફામ રીતે વર્તી રહ્યા છે. તેમાં પ્રજાનું કલ્યાણ નથી.પહલગામ હુમલા બાદ ભારતે આતંકવાદ સામે સજ્જડ પ્રહાર કરવા માટે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું, જેમાં પાકિસ્તાનના લશ્કરી અને અણુ મથકોને નિશાન બનાવીને આતંકીઓના ૯ ગઢનો નાશ કરવામાં આવ્યો. ભારત માટે આ આતંકવાદ અને પાકિસ્તાન સામેની એક મોટી જીત હતી. જોકે, આ સફળતા છતાં વિરોધપક્ષો દ્વારા તેનું પોતાની રીતે અર્થઘટન કરીને સરકારની નિયત અને સેનાની ક્ષમતા પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.વિરોધપક્ષો ઓપરેશન સિંદૂર મુદ્દે સંસદમાં ચર્ચાની માંગ કરી રહ્યા હતા. સરકારે તેમની આ માંગણી સ્વીકારીને સંસદના ચોમાસુ સત્રમાં લોકસભા અને રાજ્યસભામાં ૧૬-૧૬ કલાકની ચર્ચા માટે તૈયારી દર્શાવી. આ એક આવકારદાયક પગલું હતું, કારણ કે લોકશાહીમાં મહત્વના મુદ્દાઓ પર ખુલ્લી ચર્ચા થવી અત્યંત જરૂરી છે. જોકે, આશ્ચર્યજનક રીતે, સંસદમાં ચર્ચા માટે તૈયારી હોવા છતાં વિરોધપક્ષો દ્વારા અવરોધો ઉભા કરવામાં આવી રહ્યા છે. સોમવારે લોકસભા અને રાજ્યસભામાં થયેલો હંગામો અને શોરબકોર એ દર્શાવે છે કે વિરોધપક્ષોની પ્રાથમિકતાઓ બદલાઈ ગઈ છે.હવે તેમના મતે બિહારમાં મતદાર યાદીનું રિવિઝન ઓપરેશન સિંદૂર કરતાં વધુ મહત્વનું બની ગયું છે. તેઓ બિહારમાં મતદાર યાદીના રિવિઝન સામે વિરોધ વંટોળ ઊભો કરીને સરકારને ફિક્સમાં મૂકવાની કોશિશ કરી રહ્યા છે. સોમવારે લોકસભામાં બપોર પછી ચર્ચા શરૂ થઈ ખરી, પરંતુ વિરોધપક્ષો તેને કઈ દિશા આપે છે તે જોવું રહ્યું.વિશ્વમાં જ્યાં પણ લોકશાહી છે, ત્યાંના વિપક્ષોનું વલણ જોઈને આપણા સાંસદોએ, અને ખાસ કરીને વિપક્ષી સાંસદોએ કંઈક સારું શીખવાની જરૂર છે. જ્યારે સરકાર મહત્વના મુદ્દાઓ પર ચર્ચા માટે તૈયાર થાય છે, ત્યારે તેનો ઈરાદો લોકશાહીના મૂલ્યોનું જતન કરીને જનતાના પ્રશ્નો અને મુદ્દાઓને વાચા આપવાનો હોય છે. સરકારના સારા કાર્યોની પ્રશંસા કરવાને બદલે, તેમને ટીકા-ટિપ્પણી કરવામાં જ રસ હોય તેવું દેખાઈ રહ્યું છે. આપણા સંરક્ષણ મંત્રીએ કહ્યું તેમ, વિપક્ષ ઓપરેશન સિંદૂર પર યોગ્ય પ્રશ્નો પૂછી રહ્યો નથી. તેમણે એક પણ વાર પૂછ્યું નહીં કે આપણા દળોએ કેટલા દુશ્મન વિમાનોને તોડી પાડ્યા? જો તેમને પ્રશ્નો પૂછવા જ હોય, તો તેમનો પ્રશ્ન એ હોવો જોઈએ કે શું ભારતે આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કર્યો, જેનો જવાબ "હા" છે. જો તમારે પ્રશ્નો પૂછવા હોય, તો પૂછો કે શું ઓપરેશન સિંદૂર સફળ થયું. આનો જવાબ પણ "હા" છે. પ્રશ્ન પૂછો કે શું આપણી બહેનો, આપણી દીકરીઓના સિંદૂર લૂછી નાખનારા આતંકવાદીઓ, શું આપણા દળોએ ઓપરેશન સિંદૂરમાં તે આતંકવાદીઓના અડ્ડાઓનો નાશ કર્યો હતો, તેનો જવાબ પણ "હા" છે.આટલી સીધી વાત આપણા સાંસદો સમજી શકતા નથી.!! લોકશાહીમાં વિપક્ષની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોય છે. વિપક્ષનું કાર્ય સરકારની નીતિઓ પર નજર રાખવાનું, તેની ખામીઓ દર્શાવવાનું અને જનતાના પ્રશ્નોને વાચા આપવાનું છે. પરંતુ આ બધું રચનાત્મક રીતે થવું જોઈએ, નકારાત્મકતા અને અવરોધો ઉભા કરીને નહીં. ઓપરેશન સિંદૂર જેવી રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતોમાં, પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને રાષ્ટ્રીય હિતને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે.

લીલીયા મોટા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રનુ સ્થળફેર કરવા મુખ્યમંત્રીને રજૂઆત

લીલીયા, તા.૨૯

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લીલીયા મોટા ગામે સામુહિક આરોગ્ય કેન્દ્રનું સ્થળફેર કરવા બાબતે રજૂઆત કરતો પત્ર પાઠવવામાં આવ્યો છે. એડવોકેટ એસ.પી. ભડકોલીયા દ્વારા પત્રમાં જણાવાયું છે કે, લીલીયા ગામે પીપળવા રોડ પર હાલમાં ચાલુ સામુહિક આરોગ્ય કેન્દ્રના રીનોવેશન માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૭ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. જોકે, આ આરોગ્ય કેન્દ્ર આજથી આશરે ૪૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યું હતું અને તે ગામના બસ સ્ટેન્ડથી આશરે ૨ થી અઢી કિલોમીટર દૂર છે. નાના લીલીયા ગામમાં ઓટો રીક્ષાઓ કે અન્ય વાહન ન હોવાથી બહારગામથી આવતા દર્દીઓને હોસ્પિટલ પહોંચવા માટે ઘણી મુશ્કેલી પડે છે. ગરીબ દર્દીઓને નાછૂટકે મોટો અને ખોટો ખર્ચ કરવો પડે છે. ઉપરાંત, જ્યારે હોસ્પિટલ બનાવવામાં આવી ત્યારે આ હોસ્પિટલ અને ગામ વચ્ચેથી રેલવેની મીટરગેજ લાઈન પસાર થતી હતી અને ફાટક પણ ખુલ્લું હતું, જેથી દર્દીઓને રાહ જોવી પડતી ન હતી. પરંતુ હાલમાં આ મીટરગેજ લાઈન બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવી છે અને પીપાવાવ પોર્ટ તેમજ મહુવા બંદરથી માલ લાવવા અને લઈ જવા માટે દિવસમાં રોજની આશરે ૨૫ જેટલી ગુડ્ઝ ટ્રેન પસાર થાય છે. આથી માલગાડી કે પેસેન્જર ટ્રેનને પસાર કરવામાં ઘણો સમય લાગે છે અને તેવે વખતે હોસ્પિટલ જતી એમ્બ્યુલન્સમાં રહેલા દર્દીના જીવન-મરણનો સવાલ ઊભો થાય છે. જેથી શહેરની અંદર જ નવુ દવાખાનું બનાવવામાં આવે.

બાબરા તાલુકાના અમરાપરા ગામેથી ૮ ખેલી ઝડપાયા

કુલ રૂપિયા ૩૦૨૦નો મુદ્દામાલ જપ્ત

બાબરા, તા.૨૯

બાબરાના અમરાપરા ગામેથી પોલીસે ૮ ખેલીને રોકડા ૩૦૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. તુષારભાઈ મુકેશભાઈ કામડ, અનિલભાઈ જગદિશભાઈ રાઠોડ, ભવદિપભાઈ રાજુભાઈ મોલડીયા, તૌફીકભાઈ મહેબુબભાઈ ખુરેશી, અલ્ફાજભાઈ યુસુફભાઈ મેતર, નિઝામભાઈ હસનભાઈ અગવાન, આશિષભાઈ રાજુભાઈ વેકરીયા તથા મયુરભાઈ સુરેશભાઈ પરમાર જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા ૩૦૨૦ સાથે ઝડપાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે આર દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલામાં ૪૫ લાખના માસિક ભાડાના કોન્ટ્રાક્ટ આપવાની લાલચ આપી ૧.૨૮ કરોડની છેતરપિંડી

રાજુલા, તા.૨૯

રાજુલામાં રહેતા એક પુરુષને માસિક ૪૫ લાખની ભાડાની આવક અપાવવાની લાલચ આપી દિલ્હીના એક ઠગ તથા એક કંપનીના અધિકારીએ ૧.૨૮ કરોડની છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે હરેશભાઈ જગાભાઈ વાઘે દિલ્હીના પ્રદીપકુમાર શીવાભાઈ તથા ઓએનજીસી કંપનીના અધિકારી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બંને આરોપીએ તેમને રૂબરુ તથા ફોન-મેસેજથી સંપર્કમાં રહી તેમના પીપાવા પોર્ટમાં ફોર વે રોડ પર આવેલી જય ભવાની એન્ટર પ્રાઈજ નામનુ ગોડાઉન ઓએનજીસી કંપનીને દિલ્હી માસિક ૪૫ લાખના ભાડાથી ૧૫ વર્ષ સુધીના કોન્ટ્રાક્ટ અપાવવાનો વિશ્વાસ અપાવી રૂ. ૧,૨૮,૦૦,૦૦૦ આંગડીયા મારફતે રોકડા મંગાવ્યા હતા. જે બાદ ખોટા ઈમેલ આઈડી પરથી એગ્રીમેન્ટ લેટર તથા રદ થયેલા ટેન્ડરનો ખોટો ઓર્ડર મોકલી છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કર્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ આર છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરાના ફુલઝર ગામે પાદરમાં પુરુષને મારી નાંખવાની ધમકી આપી

ગામલોકોને હેરાન કરતાં બે ઈસમો સામે ફરિયાદ

બાબરા, તા.૨૯

બાબરાના ફુલઝર ગામે એક પુરુષને ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે જયસુખભાઈ કુરજીભાઈ સાકરીયાએ સુરેન્દ્રભાઈ જસકુભાઈ વાળા, બાબુભાઈ તથા હરદીપભાઈ દેવકુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીએ સાહેદો ગામના પાદરમાંથી નીકળ્યા ત્યારે ગાળો આપી હતી. તેમજ મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ ઉપરાંત નાના બાળકો દ્વારા ગામના લોક ફાળામાંથી લગાવેલા સીસીટીવી કેમેરા તોડાવી નુકસાન કર્યું હતું. તેમજ અવાર નવાર ગામના લોકોને હેરાન કરતા હતા. ફરિયાદના આધારે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે એમ ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલાના કુંભનાથ મહાદેવમાં શ્રાવણના પ્રથમ સોમવારે શ્રદ્ધાળુઓ ઉમટ્યાં

રાજુલા, તા.૨૯

રાજુલાના કુંભનાથ મહાદેવ મંદિર આવેલું છે. શ્રાવણ માસના પ્રથમ સોમવાર ભક્તો ભીડ જોવા મળી હતી. કુંભનાથ મહાદેવ મંદિર પૌરાણિક પાંડવો કથા જોડાયેલ હોય રાજુલા આસપાસ ભક્તો પુજા દર્શન લાભ લઈ રહ્યા છે. પૌરાણિક કથા છે કે વનવાસ દરમ્યાન આ



તસવીર : ગોપાલ રાઠોડ

વિસ્તારમાં પાંડવો આવે છે ત્યારે વ્રત હોવાથી માતા કુંતા શિવ લિંગ પૂજા કર્યા પછી ભોજન કરે છે. જેની આસપાસ મંદિર હોતુ નથી તેથી ભીમ વ્યાકુળ બની જાતે કૂભં મુકી થાળુ બનાવી માતાનુ પુજન કરી ભોજન કરે છે. ભીમની વ્યાકુળતાનો અંત આવતા હાસ્ય સુજે છે. કુંભ હટાવી દેતા નિચે ટચલી આંગળી જેવડું શિવલિંગ સ્વયંભુ પ્રગટ થાય છે. જેથી પાંડવ ફરી પુજા કરી મંદિરનુ નવનિર્માણ કરેલું છે.

લીલીયામાં બગસરા શરાફી મંડળીના વારસદારને સહાય ચેક અર્પણ

લીલીયા, તા.૨૯



લીલીયા મોટા ખાતેની બગસરા નાગરિક શરાફી સહકાર મંડળી શાખાના સભાસદ સ વ જી ભ ા ઈ મગનભાઈ વાઘેલાનું અવસાન થતાં વારસદાર ભાવેશભાઈ સવજીભાઈ વાઘેલાને બાજપાઈ સહાય નિધિ ૨૫૦૦૦/-નો ચેક અર્પણ કરાયો હતો. આ તકે શાખાના ડિરેકટર ખોડાભાઈ માળવીયા તથા બ્રાન્ચ મેનેજર ધર્મેન્દ્રભાઈ સહિતના કર્મચારીઓની ઉપસ્થિતિમાં સહાય ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૩૩૦	૧૬૯૫
ઘઉં લોકવન	૫૧૮	૫૫૩
ઘઉં ટુકડા	૫૨૧	૫૭૬
જુવાર સફેદ	૫૫૦	૭૪૦
જુવાર પીળી	૩૦૦	૪૮૦
બાજરી	૩૨૧	૪૩૫
તુવેર	૧૦૦૦	૧૩૧૫
ચણા પીળા	૧૦૦૦	૧૨૧૨
ચણા સફેદ	૧૨૧૦	૨૧૦૦
અડદ	૧૧૫૧	૧૫૨૦
મગ	૧૩૨૧	૧૬૨૦
વાલ દેશી	૭૬૦	૧૨૦૦
ચોળી	૯૦૦	૧૫૪૦
વટાણા	૧૦૨૫	૨૨૩૫
રાજમા	૯૧૧	૧૪૬૦
સીંગદાણા	૧૩૫૦	૧૪૨૫
મગફળી જાડી	૯૪૦	૧૧૭૧
મગફળી જીણી	૯૧૫	૧૧૬૫
તલી	૧૫૩૮	૨૦૫૦
એરંડા	૧૨૦૦	૧૨૮૫
અજમો	૮૮૦	૧૨૦૫
સુવા	૧૨૧૫	૧૨૧૫
સોયાબીન	૮૦૦	૮૫૮
સીંગફાડા	૯૫૦	૧૩૧૫
કાળા તલ	૨૯૦૦	૩૯૨૦
લસણ	૪૫૦	૯૩૫
ધાણા	૧૨૧૬	૧૪૪૧
ધાણી	૧૩૨૬	૧૪૫૨
વરીયાળી	૧૦૦૦	૧૩૦૦
જીરૂ	૩૩૬૫	૩૬૩૫
રાય	૧૨૪૦	૧૫૪૦
મેથી	૮૫૦	૧૨૫૦
ઇસબગુલ	૧૫૫૦	૧૫૫૦
અજમોરીયો	૯૦૦	૧૧૪૨
કલોંજી	૨૫૦૦	૪૩૦૦
રાયડો	૧૧૩૦	૧૨૫૦
રજકાનું બી	૪૯૫૦	૫૯૫૦
ગુવારનું બી	૯૨૦	૯૭૨

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૦૦	૫૦૦
પપૈયા	૨૦૦	૩૬૦
બટેટા	૧૭૦	૩૨૧
ડુંગળી સુકી	૧૧૫	૩૩૦
ટમેટા	૬૦૦	૧૧૦૦
સુરણ	૧૨૦૦	૧૪૦૦
કોથમરી	૨૫૦	૪૦૦
મુળા	૨૦૦	૩૫૦
રીંગણા	૧૦૦	૨૦૦
કોબીજ	૩૦૦	૫૫૦
ફલાવર	૫૦૦	૮૦૦
ભીંડો	૨૦૦	૪૫૦
ગુવાર	૧૨૦૦	૧૫૦૦
ચોળાસીંગ	૩૦૦	૫૦૦
વાલોળ	૧૨૦૦	૧૪૦૦
ટીંડોળા	૪૦૦	૬૦૦
દુધી	૧૨૦	૨૧૦
કારેલા	૨૨૦	૪૩૦
સરગવો	૨૦૦	૧૩૦૦
તુરીયા	૩૦૦	૫૦૦
પરવર	૮૦૦	૧૦૦૦
કાકડી	૩૦૦	૫૦૦
ગાજર	૨૫૦	૫૫૦
કંટોળા	૧૪૦૦	૧૮૦૦
ગલકા	૨૦૦	૩૦૦
બીટ	૩૫૦	૫૨૦
મેથી	૬૦૦	૮૦૦
વાલ	૧૪૦૦	૧૬૦૦
ડુંગળી લીલી	૩૫૦	૫૫૦
આદુ	૬૫૦	૭૫૦
મરચા લીલા	૬૦૦	૭૦૦
મગફળી લીલી	૫૦૦	૧૦૦૦
મકાઇ લીલી	૧૬૦	૩૬૦

અમરેલી

શિંગ મઠડી	૯૦૦	૧૦૪૫
શિંગ મોટી	૯૯૧	૧૦૬૨
શિંગ દાણા	૧૨૫૦	૧૪૨૬
શિંગ ફાડા	૧૦૫૦	૧૪૦૪
તલ સફેદ	૧૦૮૦	૨૦૫૦
તલ કાળા	૨૬૯૫	૪૦૧૫
તલ કાશ્મીરી	૧૨૦૦	૨૩૩૫
બાજરો	૩૩૭	૫૦૩
જુવાર	૪૭૬	૮૦૧
ઘઉં ટુકડા	૩૮૦	૫૬૮
ઘઉં લોકવન	૫૨૬	૫૬૯
મકાઈ	૫૬૨	૫૬૨
મગ	૧૧૯૦	૧૪૭૨
ચણા	૯૮૬	૧૨૧૨
ચણા દેશી	૧૧૬૬	૧૧૬૬
સફેદ ચણા	૧૧૭૧	૧૨૩૬
તુવેર	૯૯૦	૧૨૮૫
વાલ	૬૫૬	૧૦૦૦
કપાસ	૧૦૬૬	૧૬૮૪
એરંડા	૧૦૨૦	૧૨૭૮
જીરૂ	૨૮૦૦	૩૩૯૦
ઈસબગુલ	૧૮૭૦	૧૮૭૦
ધાણી	૧૦૦૦	૧૩૫૫
અજમા	૯૫૦	૧૩૦૦
મેથી	૭૦૦	૯૧૫
સોયાબીન	૬૪૫	૮૪૧
કાંગ	૫૨૫	૫૭૦
સુવાદાણા	૧૧૯૫	૧૧૯૫

અમરેલી (શાકભાજી)

બટેટા	૨૦૦	૩૦૦
રીંગણા	૧૦૦	૧૨૦
ફલાવર	૫૦૦	૬૦૦
કોબીજ	૩૦૦	૪૦૦
શકકરીયા	૬૦૦	૭૦૦
ટમેટાં	૧૦૦૦	૧૧૫૦
સુરણ	૧૦૫૦	૧૩૫૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૧૩૦	૨૦૦
કારેલા	૩૦૦	૪૦૦
ગલકા	૩૦૦	૩૫૦
કાકડી	૩૦૦	૪૦૦
ગુવાર	૧૧૦૦	૧૪૦૦
વટાણાં	૨૦૦૦	૨૨૦૦
ચોળાલીલાં	૨૫૦	૩૫૦
તુરીયા	૩૫૦	૪૫૦
ભીંડો	૩૨૦	૪૦૦
આદુ	૬૦૦	૧૦૦૦
કોથમીર	૧૫૦	૨૦૦
મેથીભાજી	૪૦૦	૫૦૦
ફોદીનો	૬૦૦	૭૫૦
ટીંડોરા	૪૦૦	૫૫૦
બીટ	૩૫૦	૪૮૦
શીંગ ઓળા	૭૦૦	૧૦૦૦
ચિભડા	૫૦૦	૬૫૦
લીમડો મીઠો	૧૩૦	૧૫૦
મરચાં લીલા	૬૦૦	૮૦૦
ડુંગળી લીલી	૩૦૦	૪૦૦
ડુંગળી સુકી	૧૧૦	૨૯૦
લસણ સૂકુ	૯૫૦	૧૨૦૦
પાલક	૬૦૦	૭૦૦
લીંબુ	૩૨૦	૪૦૦
મકાઈ	૩૦૦	૪૮૦

ગોંડલ

કપાસ	૧૩૯૧	૧૬૬૧
ઘઉં લોકવન	૫૨૦	૫૮૦
ઘઉં ટુકડા	૫૩૦	૫૯૨
મગફળી જીણી	૯૦૧	૧૦૭૧
સિંગદાણા જાડા	૧૨૨૧	૧૫૫૧
સિંગ ફાડીયા	૮૨૧	૧૩૪૧
એરંડા / એરંડી	૯૨૬	૧૩૦૧
જીરૂ	૨૮૫૧	૩૬૨૧
ક્લંજી	૧૮૦૧	૪૧૦૧
ધાણા	૯૦૧	૧૫૨૬
લસણ સુકું	૫૦૧	૯૯૧
ડુંગળી લાલ	૮૬	૨૭૬
અડદ	૧૧૫૧	૧૪૭૧
તુવેર	૧૧૫૧	૧૩૨૧
રાયડો	૪૦૦	૧૨૬૧
રાય	૧૪૦૧	૧૪૪૧
મેથી	૮૭૧	૯૯૧
કાંગ	૨૫૧	૫૮૧
મગફળી જાડી	૭૧૧	૧૨૧૬
સફેદ ચણા	૧૧૮૬	૨૧૩૧
મગફળી નવી	૫૧૧	૧૧૫૧
ધાણી	૧૦૦૧	૧૫૭૧
ડુંગળી સફેદ	૬૬	૧૫૧
બાજરો	૩૦૧	૪૫૧
જુવાર	૫૦૧	૮૯૧
મકાઇ	૩૦૧	૫૦૧
મગ	૧૧૫૦	૧૬૭૧
ચણા	૧૦૭૧	૧૨૦૬
વાલ	૫૦૧	૧૦૧૧
ચોળા / ચોળી	૭૫૧	૧૫૨૧
સોયાબીન	૭૦૧	૮૬૧
ગોગળી	૫૨૬	૧૦૧૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૫૦૦	૧૧૨૦
મરચા	૨૦૦	૧૦૦૦
ગુવાર	૬૦૦	૧૬૦૦
કોબી	૧૮૦	૬૦૦
દુધી	૪૦	૩૦૦
ફલાવર	૨૦૦	૮૦૦
કાકડી	૬૦	૫૦૦
રીંગણા	૩૦	૪૦૦
ભીંડો	૧૮૦	૭૦૦
ગલકા	૧૦૦	૫૦૦
ગાજર	૪૦૦	૮૦૦
ટિંડોરા	૩૦૦	૮૦૦
વાલ	૧૦૦૦	૧૮૦૦
વટાણા	૨૧૮૦	૨૬૦૦
બટેટા	૨૦૦	૩૦૦
ડુંગળી પુરા	૫	૧૦
તાંજરીયા પુરા	૨	૬
કોથમીર પુરા	૨	૫
મૂળા પુરા	૩	૧૦
ફોદીનો પુરા	૫	૧૦
કાચા કેળા	૪૦૦	૫૪૦
ચુરણ	૧૪૦૦	૧૬૦૦
કંટોલા	૧૨૦૦	૧૬૦૦
પરવર	૮૦૦	૧૧૦૦
ઘીસોડા	૨૦૦	૬૨૦
લીંબુ	૧૦૦	૪૦૦
મેથી પુરા	૩	૧૦
બીટ પુરા	૮	૧૫
સરગવો પુરા	૨૫	૪૦
ચોરા	૨૦૦	૮૦૦
કારેલા	૧૬૦	૫૦૦
વાલોર	૫૦૦	૧૬૦૦
મગફળી લીલી	૬૦૦	૯૦૦

ધારી

આદુ	૪૦૦	૧૨૦૦
કુણશી	૧૪૦૦	૨૧૦૦
મકાઈ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૧૫	૨૫
પાલક પુરા	૨	૫

ધારી

ઘઉં	૫૧૦	૫૧૧
ચણા	૧૧૬૦	૧૧૬૦
તલ	૧૬૦૦	૧૬૦૦
ધાણા	૧૨૫૦	૧૩૦૦
બાજરો	૩૨૧	૩૨૧
મગ	૧૧૧૦	૧૧૧૦
સોયાબીન	૭૮૫	૭૮૫

બગસરા

કપાસ	૧૧૦૦	૧૬૦૦
ઘઉં લોકવન	૫૧૬	૫૫૧
ઘઉં ટુકડા	૪૧૨	૫૨૪
ચણા	૯૫૫	૧૧૮૫
તલ સફેદ	૧૩૦૦	૧૮૫૦
સોયાબીન	૭૦૦	૮૧૫
ચણા સફેદ	૧૨૫૦	૧૨૫૦
ધાણા	૧૦૦૦	૧૩૧૦
રાય	૭૯૦	૯૦૦
શીંગ દાણા	૧૩૦૦	૧૪૭૦
તલ કાળા	૩૫૯૦	૩૫૯૦
બાજરો	૪૩૦	૪૩૦
મગફળી	૭૨૦	૯૨૦
મગ	૧૧૫૦	૧૩૨૦
મકાઈ	૩૩૫	૫૫૦
શીંગફાડા	૧૧૮૫	૧૩૦૦

બાબરા

કપાસ શંકર	૧૫૭૦	૧૬૫૦
કપાસ મીડીયમ	૧૪૦૦	૧૫૨૫
મગફળી	૧૦૩૫	૧૦૯૫
તલ સફેદ	૧૫૩૦	૧૬૮૦
તલ કાળા	૩૦૫૫	૩૪૭૫
ઘઉં	૪૭૫	૫૧૫
ચણા	૧૦૧૮	૧૧૭૨

સાવરકુંડલા

શીંગ જાણી	૧૦૫૦	૧૧૨૫
શીંગ મોટી	૧૦૦૦	૧૧૦૦
શીંગ દાણા	---	૧૩૫૦
તલ સફેદ	૧૪૦૦	૧૯૭૬
તલ કાળા	૩૩૦૦	૩૯૧૮
જીરૂ	૩૦૩૪	૩૫૮૦
કપાસ	૧૧૮૫	૧૬૫૨
ઘઉં લોકવન	૪૫૦	૫૨૨
ઘઉં ટુકડા	૪૮૦	૫૪૨
બાજરો	૩૫૦	૫૨૨
મગ	૧૧૦૦	૧૩૦૮
અડદ	૧૦૦૦	૧૨૫૨
ચણા	૧૦૬૦	૧૨૧૦
તુવેર	૧૦૦૦	૧૩૦૦
એરંડી	૧૧૫૦	૧૨૮૨
સોયાબીન	૭૫૦	---

રાજુલા

શીંગ	૧૦૧૩	૧૦૪૧
તલ સફેદ	૧૪૫૦	૧૯૫૫
તલ પીળા	૧૯૪૧	૧૯૪૧
કપાસ	૧૩૦૦	૧૪૦૦
બાજરો	૩૫૦	૪૭૦
ઘઉં ટુકડા	૪૪૨	૫૭૨
જુવાર	૫૦૧	૮૯૧
મકાઈ	૪૧૬	૪૧૬
તુવેર	૯૦૦	૧૨૭૦
ચણા	૮૦૦	૧૨૨૫
જીરૂ	૩૧૦૦	૩૧૦૦
એરંડી	૧૧૮૦	૧૧૮૦
ધાણા	૫૦૦	૫૦૦
સોયાબીન	૮૧૧	૮૧૧
શીંગ દાણા	૧૪૦૦	૧૪૦૦

કોડીનાર

મગફળી જી-૨૦	૯૫૦	૧૧૨૧
બાજરી હાઇબ્રીડ	૩૭૦	૫૩૭
ઘઉં	૪૫૦	૫૩૬
મેથી	૭૫૦	૯૦૦
જુવાર	૬૦૦	૭૬૮
ચોળી	૭૫૦	૧૪૨૫

અડદ	૧૪૦૦	૧૫૦૦
મગ	૧૩૫૦	૧૬૭૪
એરંડી	૧૧૫૦	૧૨૫૬
ચણા	૧૦૧૬	૧૧૮૪
સફેદ તલ	૧૪૨૦	૧૯૦૦
કાળા તલ	૨૬૦૦	૩૬૬૫
સોયાબીન	૮૦૦	૮૬૯
સીંગદાણા	૧૨૫૦	૧૫૦૧
રજકો	૩૦૦૦	૪૮૫૦

ભેંસાણ

કપાસ	૧૦૦૧	૧૬૪૬
ઘઉં	૪૦૧	૫૬૭
ચણા	૯૦૧	૧૧૭૧
તુવેર	૮૦૧	૧૨૫૬
મગફળી	૭૦૧	૯૭૬
શિંગદાણા	૧૨૦૧	૧૩૫૧
શિંગ ફાડા	૧૦૫૧	૧૨૨૬
તલ સફેદ	૭૦૧	૧૮૧૧
મેથી	૬૦૧	૮૧૧
ધાણા	૯૦૧	૧૪૨૧
સોયાબીન	૬૫૧	૮૨૬

મહુવા

જુવાર	૩૧૨	૬૫૭
બાજરી	૩૫૧	૫૪૫
ઘઉં ટુકડા	૫૨૧	૫૮૬
મકાઈ	૪



06

લાગે તો તીર :- ઉતાવળે આવીને બેરાલાલે બોમ્બ ફોડ્યો

ધનખડ સૌથી વિવાદાસ્પદ ઉપરાષ્ટ્રપતિ



ધનખડના રાજીનામાનું રહસ્ય શું ? જગદીપ ધનખડે દેશના ઉપરાષ્ટ્રપતિપદ અને રાજ્યસભાના ચેરમેનપદેથી રાજીનામું આપી દીધું અને રાજીનામું સ્વીકારાઈ પણ ગયું છતાં આ સવાલ પૂછાયા જ કરે છે. ધનખડનું રાજીનામું મોટી ઘટના છે કેમ કે ધનખડ આઝાદ ભારતના ૭૮ વર્ષના ઈતિહાસમાં દેશના પહેલા એવા ઉપરાષ્ટ્રપતિ છે કે જેમણે પોતાની મુદત પૂરી થયા પહેલાં રાજીનામું ધરી દીધું. ૭૪ વર્ષના જગદીપ ધનખડે રાજીનામું ના આપ્યું હોત તો ૧૦ ઓગસ્ટ, ૨૦૨૭ સુધી ઉપરાષ્ટ્રપતિપદે રહી શક્યા હોત પણ તેમણે સ્વાસ્થ્યના બહાને બે વર્ષ પહેલાં જ રાજીનામું ધરી દીધું. ધનખડે રાષ્ટ્રપતિ ડો. દ્રૌપદી મુર્મુને લખેલા પત્રમાં દાવો કર્યો છે કે, પોતે આરોગ્યને મહત્વ આપીને અને ડોક્ટરની સલાહનું પાલન કરીને તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી રહ્યા છે.

વિપક્ષો આ વાત સ્વીકારવા તૈયાર નથી.

વિપક્ષોને લાગે છે કે, દાળમાં કંઈક કાળું છે અને નરેન્દ્ર મોદી સરકાર સાથે વાંકું પડ્યું તેમાં ધનખડને બેઆબરૂ કરીને ઘરભેગા કરી દેવાયા છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે દાવો કર્યો કે, ધનખડના અણધાર્યા રાજીનામાની પાછળ ઘણાં રહસ્યો છે. ધનખડના રાજીનામા અંગે જાત જાતની થીયરીઓ પણ વહેતી કરાઈ છે. ધનખડે રાજ્યસભામાં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને બોલવા દીધા પણ ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાને ના બોલવા દીધા તેમાં ભાજપના નેતાઓને લાગી આવતાં ધનખડને રવાના કરી દેવાયા એવી એક વાત ચાલે છે.

જસ્ટિસ યશવંત વર્માનો મુદ્દો પણ કારણભૂત હોવાની ચર્ચા છે. જેમના ઘરે આગ લાગી તેમાં ચલણી નોટો બળી ગયેલી એ જસ્ટિસ વર્મા સામે મોદી સરકારે લોકસભામાં ઈમ્પીચમેન્ટ મોશન રજૂ કરી હતી. રાજ્યસભામાં પણ જસ્ટિસ વર્મા સામે મોદી સરકાર ઈમ્પીચમેન્ટ મોશન લાવવા માગતી હતી પણ સરકાર ઈમ્પીચમેન્ટ મોશન રજૂ કરે એ પહેલાં વિપક્ષોએ રાજ્યસભામાં રજૂ કરેલી મોશનને ધનખડે સ્વીકારી લીધી તેથી ભાજપનો આખો એજન્ડા ચોપટ થઈ ગયો એવું પણ કહેવાય છે. જસ્ટિસ વર્મા સામે સંસદનાં બંને ગૃહોમાં ઈમ્પીચમેન્ટ મોશન લાવીને નરેન્દ્ર મોદી સરકાર ન્યાયતંત્રમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે પોતે કડક વલણ અપનાવી રહી છે એવો મેસેજ આપવા માગતી હતી પણ ધનખડે ભાજપની આબરૂનો ધજાગરો કરી દીધો તેમાં ધનખડનું પત્તું કપાઈ ગયું એવી વાતો પણ ચાલી છે.

આ બધી વાતો સાચી છે કે ખોટી છે તેની ખબર ધનખડને અને ભાજપના નેતાઓને જ છે પણ ધનખડનું રાજીનામું સાદુ રાજીનામું નથી એ નક્કી છે. તેનું કારણ ધનખડના રાજીનામા સાથે સંકલાયેલો ઘટનાક્રમ છે. ધનખડે આખો દિવસ કામ કરેલું અને આખા અઠવાડિયાનો કાર્યક્રમ પણ જાહેર કરી દીધેલો એ જોતાં એ પહેલાંથી રાજીનામું આપવા માગતા નહોતા એ નક્કી છે. ધનખડે રાત્રે સાડા નવ વાગ્યે જઈને રાજીનામું આપ્યું અને ભાજપમાંથી કોઈએ તેમને મનાવવા માટે પ્રયત્ન પણ ના કર્યા તેના પરથી પણ ભાજપ સાથે કશુંક વાકું પડ્યું જ છે એનું લાગે જ પણ ધનખડ કે ભાજપ બંને ચૂપ છે એ જોતાં હાલ પૂરતું તો આ રહસ્ય બહાર નહીં જ આવે.

■■■

ધનખડ વિવાદાસ્પદ વ્યક્તિ છે.

ધનખડ ઉપરાષ્ટ્રપતિપદે બેઠા એ પહેલાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ હતા. બંગાળના રાજ્યપાલ તરીકે ધનખડે વિવાદો પર વિવાદો સર્જ્યા હતા. બંગાળની મમતા બેનરજી સરકાર સાથે ધનખડને સતત ઘર્ષણ થયા કરતું હતું. ધનખડ મમતા સરકારની જાહેરમાં ટીકા કરતા અને સરકારની કામગીરીમાં પણ દખલ કર્યા કરતા હતા તેથી સતત વિવાદોમાં રહેતા. મમતા બેનરજી મુસ્લિમો તરફી હોવાથી માંડીને બંગાળમાં કાયદો અને વ્યવસ્થાનું શાસન જ નથી એ સહિતની ટીકાઓ કરીને તેમણે ભારે વિવાદ સર્જ્યા હતા. ધનખડે જાન્યુઆરી ૨૦૨૨માં બંગાળને લોકશાહીની ગેસ ચેમ્બર ગણાવીને વિવાદ સર્જ્યો હતો. ધનખડે વિધાનસભાએ પસાર કરેલાં બિલોને રોકી રાખતાં મમતા બેનરજી સરકાર સુપ્રીમ કોર્ટમાં પણ ગઈ છે.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

ઉપરાષ્ટ્રપતિપદે બેઠા પછી ધનખડે આ પરંપરા ચાલુ રાખતાં તેમનો ઉપરાષ્ટ્રપતિ તરીકેનો કાર્યકાળ ભારે વિવાદાસ્પદ રહ્યો. ધનખડ ભારતની સંસદીય લોકશાહીના ઈતિહાસમાં પહેલા એવા ઉપરાષ્ટ્રપતિ હતા કે જેમને હોદ્દા પરથી દૂર કરવા માટે ઈમ્પીચમેન્ટ મોશન એટલે કે મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. વિપક્ષના સાંસદો તૃણમૂલ કોંગ્રેસની આગેવાનીમાં ડિસેમ્બર ૨૦૨૪માં ધનખડ સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવ્યા હતા. ઈમ્પીચમેન્ટ મોશનને પછીથી ટેકનિકલ કારણોસર નકારી કાઢવામાં આવતાં ધનખડ બચી ગયેલા પણ વિપક્ષો સતત ધનખડ સામે પક્ષપાતી હોવાનો અને વિપક્ષનો અવાજ દબાવી દેતા હોવાનો આક્ષેપ કરતા હતા.

ધનખડ આ બધાથી ચલિત થયા વિના વિવાદો સર્જ્યા કરતા હતા અને બેફામ નિવેદનો આપ્યા કરતા હતા. ન્યાયતંત્રની ટીકા કરવાનું પણ તેમણે છોડ્યું નહોતું અને સુપ્રીમ કોર્ટ સુપર પાર્લામેન્ટ બનીને વર્તી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. દેશની યુનિવર્સિટીઓ ભારત વિરોધી માહોલ ઉભો કરવાનાં પ્લેટફોર્મ હોવાની તેમની ટીકાએ પણ ભારે વિવાદ સર્જ્યો હતો. આ તો બે ઉદાહરણ આપ્યાં પણ આવા સંખ્યાબંધ નિવેદનો દ્વારા ધનખડે ઉપરાષ્ટ્રપતિપદનું ગૌરવ ગુમાવી દીધું હોવાની છાપ ઉભી કરી હતી.

ધનખડે ભાજપનાં હિતો સાચવનારા ઉપરાષ્ટ્રપતિ તરીકેની છાપ પણ ઉભી કરેલી. રાજ્યસભામાં નિયમોને કોરાણે મૂકીને ધનખડ ભાજપની તરફેણ કરતા અને ભાજપના બચાવ માટે બેફામ નિવેદનબાજી કરતા તેના કારણે ઘણાંને લાગતું કે, ભાજપ દ્રૌપદી મુર્મુની નિવૃત્તિ પછી ધનખડને રાષ્ટ્રપતિ બનાવી શકે છે પણ અચાનક પત્તું કપાઈ ગયું.

■■■

ભારતમાં બીજા ઉપરાષ્ટ્રપતિ કેવા હતા ?

જગદીપ ધનખડના પુરોગામી ઉપરાષ્ટ્રપતિઓના નામે કોઈ મોટા વિવાદ બોલતા નથી. તેનું કારણ એ કે, ભારતમાં ઉપરાષ્ટ્રપતિપદ સાવ શોભાના ગાંઠિયા જેવો બંધારણીય હોદ્દો છે. બંધારણીય રીતે ઉપરાષ્ટ્રપતિપદ રાષ્ટ્રપતિ પછી દેશમાં બીજા નંબરનો સર્વોચ્ચ બંધારણીય હોદ્દો મનાય છે પણ આ બીજા નંબરના મનાતા બંધારણીય હોદ્દા પર બેસનારી વ્યક્તિ પાસે કોઈ જ સત્તા નથી. ઉપરાષ્ટ્રપતિપદ માટેની બંધારણીય જોગવાઈઓ પ્રમાણે ઉપરાષ્ટ્રપતિની હૈસિયત રાષ્ટ્રપતિના સ્પેરવ્હીલથી વધારે કંઈ નથી. પંક્ચર પડે ત્યારે સ્પેરવ્હીલ લગાવી દેવાનું અને નવું વ્હીલ મળે ત્યારે તેને કાઢી નાંખીને પાછું બૂટ સ્પેસમાં મૂકી દેવાનું. આ સિવાય બીજી કોઈ સત્તા ઉપરાષ્ટ્રપતિ પાસે નથી ને એ કોઈ જ નિર્ણય લઈ શકતા નથી.

સત્તાના અભાવના કારણે મોટા ભાગના ઉપરાષ્ટ્રપતિ લો પ્રોફાઈલ રહીને કામ કરે છે. ભારતમાં સંખ્યાબંધ રાષ્ટ્રપતિ એવા છે કે જે પહેલાં ઉપરાષ્ટ્રપતિ હતા તેથી ઉપરાષ્ટ્રપતિપદે બેસનારી વ્યક્તિ શાસક પક્ષને અનુકૂળ થઈને રહેવાય અને છતાં કોઈ વિવાદ ના થાય તેનું ધ્યાન રાખીને વર્તે છે. આ કારણે જગદીપ ધનખડ જેવા વિવાદોમાં કોઈ ફસાયું નથી.

ભારતમાં ઉપરાષ્ટ્રપતિઓ કઈ હદે સત્તામાં બેઠેલાં લોકોના સાવ કહ્યાગરા બનીને વર્તતા તેનું શ્રેષ્ઠ ઉદાહરણ વી.વી. ગિરી છે. જવાહરલાલ નહેરૂના નિધન પછી લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા હતા પણ પાકિસ્તાન સામેના ૧૯૬૫ના યુધ્ધમાં ભવ્ય જીત પછી સંધિ માટે તત્કાલિન સોવિયેત યુનિયનના તાશ્કંદ ગયેલા શાસ્ત્રીનું રહસ્યમય મોત થઈ ગયું. એ વખતે મોરારજી દેસાઈ વડાપ્રધાનપદના પ્રબળ દાવેદાર હતા પણ કે. કામરાજ સહિતના નેતાઓએ ઈન્દિરાની તરફેણ કરતાં ઈન્દિરા વડાપ્રધાન બન્યા.


કોંગ્રેસના જૂના નેતાઓ ઈન્દિરાને ગૂંગી ગુડિયા કહેતા. ઈન્દિરાને પોતાની ઈચ્છા પ્રમાણે નચાવી શકાશે એવા ભ્રમમાં રાચતા કોંગ્રેસીઓને ઈન્દિરાએ સિફતથી કામરાજ યોજના મારફતે એક પછી એક રવાના કરી દીધા તેથી ઈન્દિરા સામે ભારે આક્રોશ હતો. એ વખતે જ ૧૯૬૯ની રાષ્ટ્રપતિપદની ચૂંટણી આવી તેથી ઈન્દિરા વિરોધી જૂથ સક્રિય થઈ ગયું. મોરારજી ગ્રુપે કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર તરીકે નીલમ સંજીવ રેડ્ડીને પસંદ કરાવ્યા જ્યારે વિરોધ પક્ષના ઉમેદવાર તરીકે સી.ડી. દેશમુખ હતા.

ઈન્દિરા ગાંધીએ ઉપરાષ્ટ્રપતિ વી.વી. ગિરીને રાજીનામું અપાવીને મેદાનમાં ઉતારી દીધા હતા. ગિરીએ ઈન્દિરા પર ભરોસો મૂકીને બહુ મોટો જુગાર ખેલેલો કેમ કે ચૂંટણીમાં હારી જાય તો ઉપરાષ્ટ્રપતિપદ તો ગયેલું જ પણ રાષ્ટ્રપતિપદ પણ ના મળે તેથી બંને બાજુથી હાથ ધોવા પડે.

જો કે ગિરીને આ જુગાર ફળ્યો અને ગિરી જીતી જતાં રાષ્ટ્રપતિ બની ગયા. ધનખડ પણ ગિરીની લાઈન પર જ ચાલતા હતા પણ ક્યાંક લોચો પડ્યો તેમાં વધેરાઈ ગયા. ■

sanjogpurti@gmail.com

શિક્ષણનું મુખ્ય કાર્ય ઉત્તમ નાગરિકો નિર્માણ કરવાનું છે



નાનાભાઈ ભટ્ટના શબ્દોમાં કહીએ તો શિક્ષણનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કાર આપવાનું છે. ગમે તેટલી મોટી ડિગ્રીઓ હોય પરંતુ માનવતા નામની યુનિવર્સિટી હૃદયમાં ના હોય તો તે માત્ર સર્ટિફિકેટ છે. શિક્ષણનું મુખ્ય કાર્ય રાષ્ટ્રના આદર્શ નાગરિકોમાં સંસ્કારો સાથે સમજણ નિર્માણ કરવાનું છે. આજે શિક્ષણનો વ્યાપાર થઈ રહ્યો છે. ચોરે અને ચૌટે વેપારી ઈન્સ્ટિટ્યૂટ ફાટી નીકળ્યા છે. શિક્ષણ એ લક્ષ્મીચંદ બનવાનો એક બિઝનેસ થઈ ગયો છે. સરકારે તમામ ઈન્સ્ટિટ્યૂટ પોતાના હસ્તક કરી દેવાની જરૂર છે. જેથી શિક્ષણનો વ્યાપાર ન થાય.

આદર્શ શિક્ષણ દ્વારા રાષ્ટ્ર નિર્માણનું કાર્ય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા થાય તે અનિવાર્ય છે. નવી એજ્યુકેશન પોલિસીમાં બજેટના છ ટકા શિક્ષણ પાછળ વાપરવાની ભલામણ કરવામાં આવી છે. દેશની એક પણ શાળામાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વગરની ના હોય તે જોવાની જવાબદારી જે તે રાજ્ય સરકારની છે. નવા નવા ગતકડા લાવીને બાલગુરુ, શિક્ષણ સહાયક, વિદ્યાસહાયક, ખેલ સહાયક, જ્ઞાનસહાયક અને હવે બાકી રહી ગયું હતું તે નિવૃત્ત થયેલા શિક્ષકોને પુનઃ નોકરી પર રાખવા માટે પરિપત્ર કર્યો. આવા વિચાર લાવનાર અને રજૂ કરનાર ખરેખર શિક્ષિત છે? ૫૮ વર્ષે નિવૃત્ત થાય એટલે બીજું કશું કામ આપવાનું જ ના હોય. દેશમાં કેટલા બધા યુવા બેરોજગારો નોકરીની તલાશમાં છે અને એવા સમયે આવા વચગાળાના નિર્ણયો લઈને બાળકોને શિક્ષણથી વંચિત કરવાનો તખતો તો નથી ને? માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં સરકારી અને ગ્રાન્ટેડમાં જે ભરતી થઈ અને એમાંથી જે મેરીટમાં નથી આવ્યા તેવા કેન્ડીડેટને વેઈટિંગ લિસ્ટ બનાવીને મેરીટના ધોરણે તેમને જ નિમણૂક આપી દો ને એટલે સ્કૂલોમાં પૂરતા પ્રમાણમાં શિક્ષકો પણ મળી જશે અને બેરોજગારોને રોજગારી પણ મળી જશે. આવી વાત શિક્ષણ વિભાગમાં કેમ થતી નથી? હજી કેટલાક મહાનુભાવો 'નોકરીમાં ૬૦ વર્ષ કરો ૬૨ વર્ષ કરો' કહે છે તો શું યુવાનોને આપણે બધાએ બેરોજગાર રાખવાના છે? ત્રણ ચાર દાયકા સુધી નોકરી કરી હોય છતાંય લક્ષ્મીનો મોહ છુટતો નથી તેવાને શિક્ષક કે આચાર્ય કહેવાય?

વોટ્સઅપ યુનિવર્સિટીમાં કેટલાક આચાર્ય અને શિક્ષકો એટલી બધી બિનજરૂરી ચર્ચા કરીને સમયનો વ્યય કરે છે. જે સમયે નક્કી થયું છે ૫૮ વર્ષ નોકરીના છે તે બરોબર છે તેવું મારું અંગત માનવુ છે. ગ્રાન્ટેડ શાળામાં અસરકારક શિક્ષણ માટે સૌ કર્મયોગી આચાર્ય અને શિક્ષક મિત્રોએ તનતોડ મહેનત કરવી પડશે તો જ આપણી શાળાઓ ટકશે. બાકી મૃત્યુઘંટ વાગવાની તૈયારીમાં છે. સરકારી સ્કૂલોમાં અને ગ્રાન્ટેડ સ્કૂલમાં કેવા બાળકો આવે છે તે હું અને આપ સૌ જાણો છો. જે છે તે મૂર્તિઓ જ છે તેને શ્રેષ્ઠ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. ધોરણ ૧૦ સુધી વિદ્યાર્થીઓને વાંચતા નથી આવડતું એટલે એક ક્લાસને દરરોજ કક્કો, બારાક્ષરી, સરવાળા, બાદબાકી અને અક્ષર જ્ઞાન લેખન, વાંચન, ગણન અભિયાન શરૂ કર્યું છે. જેમાં કડકાઈ રાખીને વિદ્યાર્થીઓને તૈયાર કરાવવાનું અભિયાન શિક્ષક મિત્રો અને મારા દ્વારા થઈ રહ્યું છે. વિદ્યાર્થીને વાંચતા આવડી જાય એટલે બધું થઈ શકશે. પણ હું આચાર્ય તરીકે એમ કહું કે આવા બાળકો ઠોઠ છે તેના કારણે અપવ્યવ અને સ્થગિતતા લાવું તે કેટલા અંશે યોગ્ય છે? બાળકોમાં ક્ષમતા અને આવડત પડેલી હોય છે. પોઝિટિવ એટીટ્યુડ અને તેમની સાથે આત્મીયતા ભર્યા વ્યવહારથી શિક્ષકો અને આચાર્ય મિત્રો કામ લેશે તો ચોક્કસ સફળતા મળશે. મારી સ્કૂલમાં બાળકો લખતા થઈ ગયા છે. ૨૦ સુધી ઘડિયા બોલે છે. કાલે બોર્ડની પરીક્ષામાં પાસ પણ થશે તેવી મને ચોક્કસ ખાતરી છે. થોડી વધારે મહેનત કરીએ. જે છે તે શ્રેષ્ઠ છે તે સમજી મહેનત કરીએ. આવી વિષમ પરિસ્થિતિમાં વ્યવહારિક કર્મ સમજી પ્રયાસ કરતા રહેવાનું અને કૌશલ્યને સાર્થક બનાવવા માટે પ્રયત્ન કરીશું તો રાષ્ટ્ર સેવા જ ગણાશે. બાકી આટલા ઊંચા પગારમાં આપણને કોણ નોકરીમાં રાખે? વર્ગ એ ચારધામ છે તેવું માનસમાં મેં કંડારી દીધું છે. બાળકોને જરૂરિયાત હોય તેમને મદદ પણ કરવી તે જ મોટી પ્રસાદી છે. બાકી આપણે જે ગાડીઓ ફેરવીએ છીએ તે વર્ગમાં રહેલા અન્નદાતાઓના કારણે છે. પી.એચડી વાળા નોકરીની તલાશમાં છે. આપણને છે તેનું મૂલ્ય અને મહત્વ સમજીને વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપવા માટે સતત પ્રયત્નશીલ રહીએ. બાકી જે દિવસે નોકરીએ લાગ્યા તે દિવસે નિવૃત્ત થઈ ગયા તેવું સમજવું તે સ્પષ્ટ છે.

થોડા સમય પહેલાં હું વાંચતો હતો અને એ સમયે મને એક કિસ્સો કલેક્ટર સાહેબનો ધ્યાને આવ્યો કે અહીંયા લેખમાં મૂકુ છું તે શિક્ષકો અને વાચકોના હૃદયને જીવંત બનાવશે.

વિલાસપુરના કલેક્ટર ડો.સંજય અલંગ કેન્દ્રીય જેલમાં ગયા તો તેમની નજર એક ૬ વર્ષની છોકરી ઉપર ગઈ. તેમણે તરત જ જેલરને કહ્યું કે, 'આ કોણ છોકરી છે...? અને જેલમાં શું કરે છે...?' તો જેલરે કહ્યું, 'આ છોકરીના પિતા અહીં કોઈ ગુનાની સજા ભોગવી રહ્યા છે તેની સાથે રહે છે. કેમકે છોકરી ૧૫ દિવસની થઈ હતી ત્યારે જ તેની માનું અવસાન થયું હતું અને હાલ એમના પિતા સિવાય છોકરીનું આ દુનિયામાં બીજું કોઈ જ નથી. એટલે તે તેના પિતા સાથે જેલમાં રહે છે.' આ વાત સાંભળીને ભીની આંખે તરત કલેક્ટર સાહેબે તેને વ્હાલથી તેડીને પોતાની કારમાં બેસાડીને જૈન ઈન્ટનેશનલ સ્કૂલમાં ભણવા માટે દાખલ કરી. ભણવાનો તમામ ખર્ચ કલેક્ટર સાહેબ આપશે. ખુબ જ સમજવા જેવી અને એક સાચી હકીકત છે આ..... સમૃદ્ધ ભારત તરફનું આ એક જરૂરી પ્રથમ પગલું છે. આ વાસ્તવિકતા જાણી મન ખુશ છે કે ચાલો માનવતા હજું જીવંત છે. માનવતાની દિવાલેથી...લોકો કહે છે ભગવાન ક્યાં છે ? તો તમને જણાવી દઉં ભગવાન આ કલેક્ટરના હદયમાં છે. આવું આપણે ગ્રાન્ટેડ શાળાઓમાં ન કરી શકીએ ? એ તો એક જ દીકરી લઈ ગયા અહીંયા તો હજારો દીકરા અને દીકરી વચ્ચે ભણાવવાનું અને ભક્તિ કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું છે. સૌ રાષ્ટ્રપ્રેમી શિક્ષકોને વંદન કરું છું. એક કદમ વર્ગની તરફ અને હૃદયને વિદ્યાર્થી તરફ વાળવાની મા સરસ્વતી શક્તિ આપે.. ■



સામાજિક અને શૈક્ષણિક

વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

Mo.9825702282

સૈયારા (૨૦૨૫) : કંઈ એટલું બધું એવું નથી પણ એમ તો છે...



મોહિત સુરીની "સૈયારા"એ પહેલા જ દિવસે ૨૫ કરોડની કમાણી કરી હોવાના સમાચાર સાંભળતાની સાથે જ મને આ ફિલ્મ જોવાની ઉતાવળ થોડીક ઠંડી પડી ગઈ હતી. પણ ત્યાં તો ત્રીજે દિવસે સમાચારમાં એવા વીડિયો આવવા લાગ્યા કે લોકો ફિલ્મ જોતા જોતા થિયેટરમાં જ આંસુની નદીઓ વહાવી રહ્યા છે અને ભેંકડા તાણી રહ્યા છે. હાઈસ્કૂલમાં હતો ત્યારે ટીવી ઉપર આવતી રાજેશ ખન્નાની ફિલ્મો જોતી વખતે રડવાનો મને અનુભવ હતો. મને થયું કે ચલો રડવા મળતું હોય તો ફિલ્મ જોઈ નાખીએ અને થોડુંક રોઈ નાખીએ. એટલે ૧૮ જુલાઈ ૨૦૨૫ના રોજ રિલીઝ થયેલી "સૈયારા" ૨૫ જુલાઈ ૨૦૨૫ની રાતે જોઈ નાખી. ફિલ્મ જોઈને મને રડવું એ વાતનું આવ્યું કે ફિલ્મ જોતી વખતે ક્યાંય રડવા જ ન મળ્યું. બે ત્રણ ઈમોશનલ સીન વખતે તો મેં રડવાનો ઈરાદાપૂર્વક પ્રયત્ન પણ કરી જોયો તો પણ રડવું આવ્યું નહીં. પછી તો, આમાં એવું હોય કે ગ્લિસરીનનો ખર્ચો પ્રોડ્યુસરનો હોય એટલે ફિલમના એક્ટરોને રડવું પોસાય; શ્રોતા તરીકે આપણને ગ્લિસરીનનો ખર્ચો ન પોસાય.

હીરો આહાન પાંડે અને હિરોઈન અનિત પડ્ડાની આ પહેલી પહેલી વારની ફિલ્મ છે. પણ આ લવસ્ટોરીમાં હીરો ક્રીશ અને હિરોઈન વાણીનો પ્રેમ પહેલી પહેલી વારનો નથી. હિરોઈન વાણી (અસલ ઉચ્ચાર : વાની) અગાઉ મહેશ નામના એક શખ્સ સાથે પ્રેમમાં પાગલ થઈ ચૂકી છે પણ એક પાગલ પ્રેમ લગ્નમાં પરિણામે એ પહેલા જ અચાનક મહેશ ડાહ્યો થઈ જાય છે અને એના આઘાતમાં વાણી લગભગ પાગલ જેવી થઈ જાય છે. તે સો ટકા પાગલ નથી થઈ કારણ કે નજીકના ભવિષ્યમાં ગાયક ક્રિશ કપૂર તેની કવિતા પાછળ પાગલ થવાનો છે. ફિલ્મમાં અને વાણીના જીવનમાં હીરોની એન્ટ્રી જોરદાર રીતે થાય છે. વાણી એક પત્રકાર પણ છે અને સાઈડમાં કવિતા પણ લખે છે. (આપણા ઘણા પત્રકારો સાઈડમાં કવિતા લખે છે અને એ પત્રકાર હોવાને કારણે એમની કવિતાઓ છપાય છે.) પણ આગળ ઉપર પત્રકારત્વ સાઈડ ઉપર રહી જાય છે અને કવિતા મેઈન ટ્રેક ઉપર આવી જાય છે. કારણ કે હીરોને સમાચાર લેખિકા કરતા ગીત લેખિકાની વધારે જરૂર છે.

યશરાજ ફિલ્મ્સના બેનર હેઠળ બનેલી આ ફિલ્મનું પ્રેઝન્ટેશન અથવા તો વાર્તાકથન રેગ્યુલર બોલીવુડ ફિલ્મો જેવું જ છે. ફિલ્મની વાર્તાનો અમુક પોર્શન કંઈક નવો છે એની પણ આપણે ના નથી પાડતા. પણ ખાટલે મોટી ખોટ એ છે કે આ ફિલ્મની સ્ટોરી સાઉથ કોરિયન ફિલ્મ "અ મોમેન્ટ ટુ રીમેમ્બર"માંથી તફડાવવામાં આવી છે. બંનેમાં હિરોઈન અલ્ઝાઈમર ડીસીઝનો ભોગ બને છે અને તેને અગાઉ છોડી ગયેલો જૂનો પ્રેમી યાદ આવવા લાગે છે. આ અલ્ઝાઈમરને કારણે જ ફિલ્મના પાત્રોને અને દર્શકોને રડાવી શકાય તેવી સ્થિતિ દિગ્દર્શકને પ્રાપ્ત થાય છે. મોમેન્ટ ટુ રીમેમ્બરમાં અલ્ઝાઈમરની એન્ટ્રી હીરોઈનના લગ્ન પછી થાય છે અને "સૈયારા"માં લગનનું કંઈ ઠેકાણું પડે એ પહેલા જ પણ અલ્ઝાઈમરની ધીમે પગલે એન્ટ્રી થઈ જાય છે અને વાણી બધું ભૂલવા લાગે છે. ક્રિશને પણ ભૂલવા લાગે છે, પોતાને પણ ભૂલવા લાગે છે. બધું ઉલટસુલટ થઈ જાય છે. જે ભૂલવાનું છે એ પાછું યાદ આવે છે. ફિલ્મમાં રસપ્રદ અને "રડ"પ્રદ બાબત છે તે આ જ છે. (એમ ફિલ્મ પાછી સાવ નાખી દેવા જેવી પણ નથી.) વાણીના દિમાગમાં તેનો ભૂતકાળ, વર્તમાન બની જાય છે. તે જૂના પ્રેમી મહેશને મળે છે અને તેને "ક્રિશ" કહીને સંબોધે છે. મહેશને તે કહે છે કે તેના જીવનમાં તે ફરી આવવા માંગે છે. મહેશ આપણા ટ્રેડિશનલ વીલન જેવું જ માનસ ધરાવે છે એટલે તે વાણીની આ માનસિક સ્થિતિનો ગેરફાયદો ઉઠાવવાની કોશિશ કરે છે પણ ક્રિશ હીરો હોવાથી તે અચાનક પ્રગટ થાય છે અને મહેશની ધૂલાઈ કરે છે. પણ વાણી તેના વર્તમાન પ્રેમીને ઓળખતી જ નથી એટલે તે ક્રિશ ઉપર છરીથી હુમલો કરી દે છે. ક્રિશ બધી જ પરિસ્થિતિ સંભાળી લે છે પણ પછી થોડીક સ્વસ્થ થયેલી વાણી ક્રિશને મહેશ કહીને બોલાવે છે. આવી ઘણી બધી ક્ષણોમાં ચંકી પાંડેના ભત્રીજા આહાન પાંડેને માત્ર આંખો વડે જોરદાર અભિનય કરવાનો જોરદાર મોકો મળ્યો છે. અનિત અને આહાન, બંનેનું આ ડેબ્યૂ છે તેમ છતાં અભિનયમાં બંને એક્કા છે. અત્યારથી જ બંનેને સ્ટાર કહેવા પડે. આશિકી (૧૯૯૦) પછી રાહુલ રોય અને અનુ અગ્રવાલ ધીમે ધીમે ખોવાઈ ગયા એવું કંઈ ન થાય તો અનિત અને આહાનનું ભવિષ્ય ઉજળું છે. ફિલ્મને દર્શકોએ જેટલી ચડાવી મારી છે એટલી બધી ગ્રેટ ફિલ્મ આ નથી તેમ છતાં જે રીતે ક્રેઝ જામ્યો છે તે જોતા ફિલ્મનું ભવિષ્ય તો ઉજળું છે જ. આ લખાય છે ત્યારે ફિલ્મની કમાણી રૂપિયા ૫૦૦ કરોડ આસપાસ પહોંચી ગઈ છે. રિલીઝ થયાને એકાદ અઠવાડિયું માંડ થયું છે. આ લખાણ છપાઈને વંચાતું હશે ત્યારે તેની કમાણી રૂપિયા ૧૦૦૦ કરોડ આસપાસ થઈ ગઈ હોય તો નવાઈ નહીં. કમાણીની દ્રષ્ટિએ આ ફિલ્મ બ્લોકબસ્ટર છે. વાયઆરએફને અભિનંદન... પણ ફાફ્ટ્સમેનશીપની દ્રષ્ટિએ આ એક ડિઝાસ્ટર છે. એક "જાલીમ" વાર્તાને મોહિત સૂરીએ ચીલાચાલુ બોલીવુડ સ્ટાઈલમાં રજૂ કરી છે. ફિલ્મ શરૂઆતથી મધ્યભાગ સુધી સરસ છે પણ ક્લાઈમેક્સ જામતો નથી. એક વિદેશી વાર્તાને ભારતીય પરિપેક્ષમાં ઢાળીને કેટલાક ફેરફાર કર્યા જ છે તો વાર્તાના અંતમાં બીજા ઘણા બધા રસપ્રદ ફેરફારો કરીને ફિલ્મને વધુ આકર્ષક બનાવી શકાઈ હોત. ક્લાઈમેક્સ અને અંત સાવ સાદો છે એને બદલે રડવા માટેનો ભરપૂર મસાલો એમાં નાખીને ખરેખર જોરદાર રીતે રડવાલાયક ફિલ્મ બનાવી શકાઈ હોત. મહેશનું પાત્ર હજુ વધારે ડેવલપ કરવાની જરૂર હતી. ક્લાઈમેક્સમાં મહેશ અને ક્રિશનો સંઘર્ષ વધુ ડેવલપ કરવાની પણ જરૂર હતી. વાર્તાનો અંત વધુ ટ્રેજિક અને વધુ નેગેટિવ બનાવવાની જરૂર હતી. એક સારી વાર્તાને સારી પેઠે વેડફાઈ ગયેલી જોઈને હું ધારું તો ઘણું બધું રડી શકું પણ સમજાતું હોય તો એ મોહિત સૂરીએ રડવું જોઈએ. ■

ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

naranbaraiya277@gmail.com

ગાયનું દૂધ હોય છે ગુણકારી



૩) ગોઘૃતઃ- ગાયના ઘીના ગુણો તો અસંખ્ય છે. ગાયના ઘી વિષે કહેવાયું છે કે, ''આયુર્વે ઘ્રુત્તમ'' અર્થાત ગાયનું ઘી આયુષ્યનો પર્યાય છે. ગાયનું ઘી ખાવાથી આરોગ્ય અને આયુષ્ય બન્ને પ્રાપ્ત થાય છે.

ચિકિત્સાશાસ્ત્રમાં ગાયના ઘી વિષે કહેવાયું છે કે, ગાયનું ઘી ગુણોમાં સર્વશ્રેષ્ઠ છે. તે મધુર, શીતળ, વાયુ, પીત અને ઝેરનો નાશ કરવાવાળું, આંખની જ્યોતિ અને શરીરનું સામર્થ્ય વધારવા વાળું છે.

આંખ, કાન, નાકના રોગો તથા ખાંસિ, મુર્છા, તાવ, કૃમિ અને વાયુ, પીત અને કફજન્ય રોગોના ઉપદ્રવમાં ગાયનું ઘી મહાઔષધિનું કાર્ય કરે છે. ગાયનું ઘી જેટલું જુનું હોય તેટલું વધારે ગુણકારી હોય છે. દસ વર્ષ જુના ઘીને''જીર્ણ'' સો થી એક હજાર વર્ષ જુના ઘીને ''કૌમ્ભ'' અને અગિયારસો વર્ષ જૂના ઘીને ''મહાઘૃત'' કહેવામાં આવે છે.

કોલેરા, મંદ થઈ ગયેલ પાચનક્ષમતા, ક્ષય વગેરેમાં ગાયના ઘીનું સેવન હાનિકારક છે. તાવમાં અથવા તાવના કારણે થતી શરીરની બળતરામાં ઘી ખાવાથી નહિ પરંતુ માલિશ કરવાથી દર્દીને રાહત થાય છે. ગાયના દૂધ, દહીં અને ઘીના ઉત્તમ ગુણોને કારણે જ આ ત્રણેય પ્રાચીન કાળથી ભારતીયોના ભોજનનું અભિન્ન અંગ બની રહેલ છે. ''વિના ગોરસં કો રસો ભોજનામ'' અર્થાત ગોરસ વિના ભોજનમાં રસ ક્યાંથી હોય.

૪) ગૌમૂત્ર :- ચરક સંહિતામાં ગૌમૂત્રના વિષયમાં કહેવાયું છે કે, ગૌમૂત્રના સેવનથી કૃમિરોગ, કોઢ, ખંજવાળ અને પ્લીહા રોગ દૂર થઈ જાય છે. ગૌમૂત્ર કડવું, તીખું, ખારું, તુરું, આંશિક મધુર પીતનું શમન કરનાર, રોગો મટાડનાર અને હિતકારી છે.

૫) ગોમય – ગાયનું છાણ – રોગોના જીવાણુ અને દુર્ગંધને દુર કરવામાં ગાયનું છાણ અદ્વિતીય છે. પ્રાચીન કાળમાં માત્ર ઘર જ નહિ પરંતુ ઘરનું આંગણું અને રસોડામાં પણ ગાયના છાણથી લીંપણ કરવામાં આવતું હતું. કોઈપણ માંગલિક કાર્ય કરતા પહેલા ગાયના છાણથી ભૂમિ પર લેપન કરવું અનિવાર્ય માનવામાં આવે છે. અનેક રોગોને દૂર કરવામાં ગાયના છાણની ઉપયોગીતા છે. ગાયના છાણને શરીર પર ઘસીને સ્નાન કરવાથી ખંજવાળ દૂર થાય છે તથા વધુ પડતો પરસેવો થતો હોય તો ગાયના છાણને સુકવીને તેનો પાવડર બનાવીને શરીર પર ઘસવું, તેને શરીર પર થોડો સમય રહેવા દેવું અને ત્યારબાદ સ્નાન કરવાથી વધુ પડતો પરસેવો આવવાનું બંધ થઈ જાય છે. ● પંચગવ્ય બનાવવાની પધ્ધતિઃ- પરાશર સ્મૃતિ વગેરે ગ્રંથોમાં પંચગવ્ય બનાવવાની પધ્ધતિ દર્શાવેલ છે. જેમાં ગાયના પાંચ પદાર્થ અથવા ૧) દૂધ ૨) દહીં ૩) ઘી ૪) ગૌમૂત્ર ૫) છાણ વગેરે કેટલી માત્રામાં એટલે કે, કેટલા પ્રમાણમાં લેવા જોઈએ તેનું વિવરણ તો છે જ પરંતુ ખાસ કરીને કપિલા વર્ણની અર્થાત સુવર્ણ જેવા રંગની ગાય ખૂબ જ હિતકર ગણાય છે. પંચગવ્યમાં એક ભાગ ઘી, એક ભાગ ગૌમૂત્ર, એક ભાગ છાણ, બે ભાગ દહીં અને ત્રણ ભાગ દૂધ વગેરેનું મિશ્રણ બનાવવાનું હોય છે પછી તેને સાત વખત વસ્ત્રથી ગાળવું જોઈએ. તેમાં થોડું મધ પણ ઉમેરવાથી વધુ ગુણકારી બને છે. પંચગવ્યનું સેવન વધુ લાભદાયી નીવડે છે. પ્રયોગ કરી પેટ સાફ કર્યા બાદ પંચગવ્યનું સેવન વધુ લાભદાયી નીવડે છે. સાટોડી, દેવદાર, સુંઠ, ગુગળ, દશમૂલ અને ગૌમૂત્ર આ બધાનું મિશ્રણ કરી ઉકાળો બનાવી પીવાથી આંતર બાધ્ય સોજા અવશ્ય દૂર થાય છે. ● ગૌમૂત્ર રોગો પર વિજયી કેવી રીતે બનાવે છે જે નીચે મુજબ છે.

૧) ગૌમૂત્રમાં કોઈપણ પ્રકારના કીટાણું નષ્ટ કરવાની ચમત્કારીક શક્તિ છે. તેથી બધી જ કીટાણુજન્ય વ્યાધિઓ નષ્ટ થાય છે.

૨) ગૌમૂત્ર વાત, પીત અને કફને સમાન બનાવે છે તેથી રોગો આપોઆપ નષ્ટ થઈ જાય છે.

૩) ગૌમૂત્રનું સેવન કરવાથી મનુષ્યનું લીવર બરાબર કામ કરતું થાય છે. તેથી આપોઆપ લોહી સ્વચ્છ બનવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે.

૪) ગૌમૂત્રમાં એવા તત્વો છે કે જે માનવ શરીરના આરોગ્યદાયક તત્વોની કમીને પૂરી કરે છે.

૫) ગૌમૂત્રમાં કેટલાય ખનીજ, ખાસ કરીને તાંબુ હોય છે જેની પૂર્તિથી શરીરમાં ઘટતા ખનીજ તત્વોની પૂર્તિ થઈ જાય છે. તેમજ ગૌમુત્રમાં રહેલ સ્વર્ણક્ષાર પણ રોગોથી બચવાની શક્તિ આપે છે.

૬) માનસિક આઘાતથી સ્નાયુતંત્રને આઘાત લાગે છે. ગૌમૂત્રને ભેદ્ય અને હ્રદ્ય કહેવામાં આવે છે. એટલે કે મગજ અને હ્રદયને શક્તિ પ્રદાન કરે છે. તેથી જ માનસિક કારણોથી લાગેલ આઘાતથી હ્રદયની રક્ષા કરે છે અને મગજ તેમજ હ્રદયને રોગોથી બચાવે છે. (ક્રમશઃ)



વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

ઉતાવળે આવીને બેરાલાલે બોમ્બ ફોડ્યો



ઉતાવળે આવીને બેરાલાલે બોમ્બ ફોડ્યો.

''હાંભળો હાંભળો, બજારમાં હાવ નવું આવ્યું છે.''

''હા પણ, બોલો તો હાંભળીએને.''

બકાને વધારે ઉતાવળ હતી.

''બજારમાં હાવ નવું નક્કોર. બજારમાં સાવજનું નકલી કે ભેળસેળ કરેલું દૂધ મળે છે. અને ઈ લોકો આમાંથી રૂપિયા રળી રહ્યાં છે. પણ, ભલેને ભેળસેળ વાળું તો ભેળસેળ વાળું. સાવજનું દૂધ તો કેવાય. થોડાંક ટકા તો સિંહણના હશે ને. દસ વીસ ટકા હશે તોય તાકાત તો આવશે ને.''

''શું વાત કરો છો બેરાલાલ ? સાવજનું દૂધ !? તો તો મારેય બકરીનું દૂધ બંધ કરીને સાવજનું ચાલું કરવું પડશે.''

અભણ અમથાલાલને વાતમાં કાંઈક ગરબડ લાગી.

''બેરાલાલ, તમારી કાંઈક હમજણ ફેર થતી હોય એવું લાગે છે. સાવજનું દૂધ ? આ પેલી વાર હાંભળ્યું.''

''લો કર લો બાત. અમથાલાલ ઓલ્યા બોલકા ધારાસભ્ય નથી. એમણે બબ્બે વાર કહ્યું છે કે, સાવજનું દૂધ ભેળસેળ વાળું વેચાઈ રહ્યું છે. અને એ લોકો લાખો રૂપિયા બનાવી રહ્યાં છે. શું આ ધારાસભ્ય ખોટું બોલી રહ્યા છે? નાના બોસ તમે જ કહો. આ ધારાસભ્ય ખોટું બોલે એવાં લાગે છે!??

આ છાપાંવાળા, ટી.વી.વાળા ખોટું બોલે છે??''

''બેરાલાલ ! તમે વાતને કાન ખુલ્લા રાખીને પુરી હાંભળો. અને કાં પછી કાનનું મશીન ભરાવો. અમથાલાલની વાત તો હાંભળો.''

''બેરાલાલ તમે વાતને અર્ધી જ સમજી છે. સાવજનું દૂધ એટલે સિંહણના દૂધની આ વાત નથી.''

''લ્યો હવે તમેય એની પંગથમાં બેસી ગયા. અરે, ડેરીવાળા ભેળસેળ વાળું અને હાવ નકલી દૂધ સોયાબીન, પામોલીન અને યુરિયા ખાતર નાખીને બનાવે છે. ઈ દૂધ ખાવું એનાં કરતાં સિંહણનું ભેળસેળવાળું દૂધ શું ખોટું!!''

''બેરાલાલ.., હવે તમે અર્ધી ખોટી વાતને ખેંચીને હદ કરો છો હોં. તમે જે સિંહણનાં દૂધની વાત કરો છો. એ હકીકતમાં સાવજ ડેરીની વાત છે. સાવજના દૂધની વાત નથી. અને ઈ હંધીય મોટાં માણસોની વાત છે. ચપટી વગાડતાં જ ભૂલી જવાય છે, અને ભૂલવાડી દેવાય છે. એમાં આપણે નાનાં માણસોનું ગજું નથી. હા, તમારે દૂધની જ વાત કરવી હોય તો અમેરિકાના ''નોજ- વેજ મિલ્ક ''ની વાત કરો. જો એ દૂધ આપણાં ભારતમાં આવી ગયું તો આપણાં નાનાં માણસોનો ધરમ અભડાઈ જશે. સંસ્કૃતિને ઠેસ પહોંચશે અને સનાતનને નીચે જોણું થશે. કારણ કે, ભારતમાં મોટી વસ્તી શાકાહારી લોકોની છે.

''નોન-વેજ મિલ્ક? એટલે કે, માંસાહારી દૂધ ?? અમથાલાલ તમે ભાનમાં તો છો ને !?? દૂધ અને માંસાહારી?'' બોસનેય શંકા ગઈ.

''હા બોસ હા. દૂધ અને એય તે માંસાહારી. અને બોસ હું તો પુરેપુરો સભાન અવસ્થામાં જ છું. પણ, જો સરકાર ભાન ભૂલી તો ભવિષ્યમાં આપણાં ભાણામાં માંસાહારી દૂધ ''નોજ-વેજ મિલ્ક'' હશે. અને એકવાર એ આવી ગયું પછી એને ઓળખવું અને પાછું કાઢવું લોઢાના ચણાં ચાવવા બરાબર હશે.''

''અરે પણ, આવું માંસાહારી દૂધ સરકારને લાવવું છે કેમ? દૂધ ઉત્પાદનમાં ભારત ટોચનાં સ્થાને છે. તો પછી બહારથી દૂધ શા માટે મંગાવવું પડે.''

''બોસ, મને કે તમને સરકારના આંટીઘૂંટી વાળાં નિયમો સમજાતાં નથી હોતાં. અને અત્યારે સરકાર દબાણમાં છે.''

''ભારતને વળી કોણ દબાવે છે? આપણે જઈએ ગેબા લયને.''

''બોસ, ન્યાં ગેબા નો હાલે. જગત જમાદાર અમેરિકામાં ટ્રમ્પ જ્યારથી આવ્યો છે ત્યારથી એના દંડા પછાડ્યા જ કરે છે. એને ભારત હારે ખેતીને લગતી ટ્રેડ ડિલ કરીને માંસાહારી દૂધ ભારતમાં ઘૂસાડવું છે.''

''મને ઈ નથી હમજાતું કે, દૂધ માંસાહારી કેવી રીતે હોઈ શકે !??''

''જૂઓ.., અમેરિકામાં ગાયોમાં ચરબી વધારવા ગાયોને ભૂંડ અને કૂતરાના માંસવાળો ખોરાક આપવામાં આવે છે. એમનાં ચારામાં ભૂંડ, માછલી, ઘોડા, બિલાડી અને કૂતરાઓનું લોહી ભેળવવામાં આવે છે. હવે તમે જ કહો. આવું દૂધ માંસાહારી દૂધ કહેવાય કે નહીં??''

''ના ના ના, હું નથી માનતો. ગાય આવો ચારો ખાય જ નહીં.''

''બોસ, તમે ભૂલો છો. આપણાં રાજકોટમાં મારવાડી કોલેજમાં વિદેશનાં વિદ્યાર્થીઓ ન કરવાનું કરે છે, ન પીવાનું પીવે છે અને ન ખાવાનું ખાય છે. અરે જીવતાં દેડકાઓ ચોકલેટની જેમ તમારી હામે જ ખાય છે. કાપેલાં મરઘાઓ હાથમાં લઈને બજારમાં નીકળે છે અને ખાય છે. આપણે કે સરકારે કાંય કર્યું?? તો પછી, વિદેશમાં તો આવું બધું સહજ છે અને એમનો ખોરાક છે. પછી ગાયો શા માટે ના ખાય..!!''

''તો પછી, આપણે શું કરવાનું?''

''આપણે કશું કરવાનું નથી. જે કરશે ઈ મોદી સરકાર કરશે. હજી સુધી તો સરકાર ઢીલી પડી નથી. પરંતુ.., તારીખ પે તારીખ, તારીખ પે તારીખ પડે છે. તારીખ બંધ થશે. ત્યારે આપણે ચાલું થવું પડશે.''



લાગે તો તીર..

કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

અદાકાર જે લગ્ન પ્રસંગને બનાવે છે યાદગાર

દરેક લગ્ન પ્રસંગ પોતપોતાની રીતે અનોખો જ હોય છે. તેમ છતાં કેટલીક ખાસ બાબતો કે જે દરેક લગ્નમાં એક જેવી જ હોય છે, જો કે દરેક આયોજનમાં એની મજા કંઈક અલગ અલગ જ હોય છે. લગ્ન પ્રસંગે અલગ અલગ વ્યક્તિત્વવાળા લોકોની પરસ્પરની ખેંચતાણ જ વાતાવરણને 'જીવંત' બનાવે છે. લગ્ન પ્રસંગમાં એવા એવા મજેદાર અને દિલચશ્પ લોકોની મુલાકાત થાય છે કે...વાત જ ન પૂછો... એવા દસ પાત્રો, કે જેમની ભૂમિકા ખૂબ જ ધ્યાનાકર્શક રહે છે. આવો જાણીએ એ દસ પાત્રોને....

અકળામણ અનુભવતી કાકી : મોટાભાગના લગ્ન પ્રસંગોમાં બીજા ગામ કે શહેરથી આવીને લાંબા સમય સુધી પડાવ નાખનારી કોઈ એક એવી કાકી કે ફોઈ જરૂર હોય છે, જેમને ખાણી-પીણીથી માંડીને લેણ-દેણ સુધીની દરેક બાબતમાં અવ્યવસ્થા જ નજરે પડે છે. એમને જયારે પણ તક મળે બીજા મહેમાનો સામે મહેમાન-યજમાનની ટીકા કરવા લાગી જાય છે. પહેલાના પ્રસંગોની તુલનાએ હાલનું મેનેજમેન્ટ બરાબર નથી... ના જ બણગાં ફૂંકતી રહે છે, કયારેક એમને ચામાં ખાંડ ઓછી લાગે છે, તો કયારેક દાળમાં મીઠું વધારે લાગે છે. કયારેક તે યજમાનને કંજૂસ દર્શાવે છે તો કયારેક અતિ ખર્ચાળ, સરવાળે જોઈએ તો તે લગ્નમાં આવવાને કારણે વારંવાર પસ્તાતી રહેતી હોય છે, જોકે તો પણ તે પોતાના ઘેર પરત જવાનું નામ પણ લેતી નથી.



રિસાનારા જમાઇરાજ : જીજાજી, જમાઈરાજ, કુમાર કે લાલના નામે ઓળખાતા આ માનવીને જે પણ નામે બોલાવો, પણ દેશના દરેક પ્રદેશમાં એમનું એક જ રૂપ નજરે પડે છે. લગ્ન પ્રસંગોમાં રિસાવું એ તો એમની હોબી હોય છે. એટલે જ તો નવ ગ્રહો પછી આમનો નંબર આવે છે. એમનો રિસાવાનો અંદાજ પણ કંઈક અલગ જ હોય છે, કેટલીકવાર તો લોકોને બે દિવસ પછી ખબર પડે છે કે જમાઈરાજા રિસાઈ ગયા હતા. એમાંય બ્રધર-ઈન-લો ના લગ્નમાં તો એમના નખરાં જોવાલાયક હોય છે. સંબંધીઓની સામે પોતાની ઈમેજ ખરાબ ન થાય, એટલે જમાઈરાજા પત્ની સામે બડબડતા રહે છે કે, ''મારે બહુ જ કામ છે, હું કાલે જાઉં છું, તું તારે શાંતિથી આવજે...'' પત્ની તો એમની આવી આદતોથી પરિચિત હોય જ. એને સારી રીતે ખબર હોય કે, શુકનનું કવર - સોનાની વીંટી - સુટપીસ વગેરે લીધા વગર આ વ્યક્તિ અહીંયાથી હલનારી નથી. એટલે તે પોતાના પતિના આ ગુસ્સા પર કોઈ જ પ્રતિક્રિયા જાહેર કરતી નથી અને હસતી હસતી બીજા રૂમમાં જતી રહે છે.

ખાઉધરા મહેમાન : યજમાનના નજીકના સગા-સંબંધીઓ અને ફેમિલી ફ્રેન્ડસ ઉપરાંત લગ્નમાં કેટલાંક મહેમાન એવા પણ આવે છે, જેમને સહેજ ઓળખાણ-પારખાણને કારણે ઔપચારિકતા ખાતર નિમંત્રણ અપાય છે. એ બિચારા પણ બહુ જ દૂરથી પત્ની-બાળકો સાથે ૪૦-૫૦ કિ.મી. દૂરથી લગ્નમાં હાજરી આપવા આવી પહોંચે છે, ને એમની નજર યજમાનને શોધતી હોય છે કે જેથી તેમને કવર આપીને પોતાની હાજરી નોંધાવીને નિશ્ચિત બનીને ખાઈ-પી શકે, એમને વર-કન્યા, જાન, ડાન્સ-ડીજે વગેરેમાં કોઈ જ ઈન્ટરેસ્ટ હોતો નથી. આ લોકો પહેલાંથી જ ખૂણાના એક ટેબલ પર પોતાની સીટ રિઝર્વ કરી લે છે, અને વારંવાર ફૂડ કાઉન્ટરના ચક્કર કાપે છે. એમની મિસિસ દર પાંચ મિનિટે બાળકોને તપાસ કરવા મોકલે છે કે, ખાવાનું શરૂ થયું કે નહીં ? જમતા-જમતા આવન-જાવનનો ખર્ચ, ચાંદલો-ગિફ્ટ અને કેટલું ખાવા-પીવાનું છે ? નો હિસાબ લગાવે છે.



ફ્રી સ્ટાઇલ ડાન્સર : 'બેગાની શાદી મેં અબ્દુલ્લા દીવાના', આ કહેવત આવા જ સાચા લગ્નપ્રેમીઓ માટે બની છે, આમને ખાવા કરતાં પીવામાં વધુ દિલચશ્પી હોય છે, લગ્ન સમારંભમાં પેગની વેતરણમાં જ હોય છે. આમને તો બસ લગ્નનું નિમંત્રણ જોઈએ, જાનમાં કે વરઘોડામાં આમને ડાન્સ કરવા માટે કોઈ જ આગ્રહની જરૂર રહેતી નથી. કેટલીકવાર તો યજમાન પણ એમને ઓળખી શકતા નથી કે વર પક્ષમાં છે કે કન્યા પક્ષમાં...! ફ્રિ સ્ટાઈલમાં નાચનાર આ લોકો જો બહુ મૂડમાં આવી જાય તો, ખિસ્સામાંથી રૂમાલ કાઢીને તેનાથી બીન વગાડવા લાગે છે, મિત્ર નાગીન બની જાય એટલે અર્ધો કલાક તો જાન ત્યાં જ અટકી જાય છે. વીડિયોવાળા એમને જ શૂટ કરે છે.



રીતિ-રિવાજોના નિષ્ણાત દાદી : લગ્નની સાથે દાદીને બહુ જૂનો સંબંધ છે. દરેક લગ્ન પ્રસંગમાં આ જ એક એવું પ્રાણી છે, જેમને બધા જ રિવાજ-પ્રથાની સાવ સાચી અને પ્રમાણિક જાણકારી હોય છે. કોઈ રિવાજ યોગ્ય રીતે ન નિભાવાય તો તેમાંથી થનારા ગેરલાભ અંગેના બધા જ લેખા-જોખા દાદીમા પાસે હોય છે. આ બધી બાબતોમાં પરિવારની મહિલાઓ દાદીમાનું જ કહ્યું માને છે. મંડપની બરાબર સામે ખુરશી ગોઠવીને બધી જ વિધિનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરનાર દાદીમા વચ્ચે-વચ્ચે સલાહ સૂચન પણ કરી લે છે. ■

sanjogpurti@gmail.com

જીવન તરંગ



જયસ્વી પટેલ

ચકુ અને ઝીપની મિત્રતા



એક હતું શહેર. ત્યાં ઘણાં બધાં નાનાં-મોટાં, કાચાં-પાકાં મકાનો હતાં. ઊંચી-ઊંચી ઈમારતોય ખરી! આ શહેરના એક મકાનના ખુલ્લા ટેરેસ પર એક નાનકડી ચકલી રહે. એનું નામ ચકુ હતું. તે ખૂબ આનંદી હતી. 'ચીં... ચીં... ચીં...' કરતી જાય ને મધુર ગીતો ગાતી જાય. તે વહેલી સવારે જાગી જાય. સૂરજ નીકળ્યો નથી કે ચકુની આંખ ઉઘડી નથી. જેવી જાગે એવું 'ચીં... ચીં... ચીં...' કરતી આખુંય ટેરેસ ગજવી મૂકે. આમતેમ ઊડે ને ચણ લેતી આવે.

આ ટેરેસ પર એક રોબોટ પણ રહેતો હતો. જેનું નામ હતું 'ઝીપ'. ઝીપ એક સ્વયંચાલિત સફાઈ રોબોટ હતો. તેનું કામ સવાર-સાંજ આખા ટેરેસની સફાઈ કરવાનું હતું. તેનામાં કોઈ લાગણી કે સંવેદના નહોતી. તે માત્ર તેના પ્રોગ્રામ પ્રમાણે કામ કરતો. ચકુનાં મધુર ગીતો તેના માટે માત્ર એક અવાજ હતો.

એક દિવસ મુશળધાર વરસાદ વરસ્યો. પવન એટલો તેજ હતો કે ચકુનો નાનો માળો તૂટી ગયો. પોતાનો તૂટેલો માળો જોઈ ચકુ ખૂબ દુઃખી થઈ ગઈ. તે ઠંડીથી ધ્રૂજતી હતી અને તેને ક્યાં જવું તે સમજાતું નહોતું. તે ઝીપની નજીક એક ખૂણામાં જઈને બેસી ગઈ. ઝીપનું શરીર મજબૂત ધાતુનું બનેલું હતું. એટલે વરસાદ અને પવનની તેના પર કોઈ અસર થઈ નહોતી.

ચકુ નજીક આવતાં જ ઝીપનાં સેન્સર્સ એક્ટિવ થઈ ગયાં. તેણે માપ્યું કે ચકુનું શરીર ઠંડું થઈ ગયું છે. ઝીપને લાગણીઓ તો નહોતી, પણ તેનામાં ઈનબિલ્ટ પ્રોગ્રામ હતો. તે ચકુની મદદ માટે તૈયાર થયો. ઝીપે ધીમેથી પોતાની સફાઈ બંધ કરી. તેણે ચકુને ઊંચકીને એક સૂકી જગ્યાએ મૂકી દીધી. પછી તેણે પોતાના કેમેરાથી આસપાસની વસ્તુઓનો અભ્યાસ કર્યો. તેણે જોયું કે ચકુનો માળો તૂટી ગયો છે. તેણે તરત જ પાંદડાં અને સૂકી ડાળીઓ એકઠી કરવાનું શરૂ કર્યું.

ચકુ આ જોઈને નવાઈ પામી. આ મશીન કે જે ક્યારેય તેની તરફ જોતું પણ નહોતું, તે આજે તેની મદદ કરી રહ્યું હતું. ઝીપે આ બધી વસ્તુઓનો ઉપયોગ કરીને ચકુ માટે એક નાનકડો, મજબૂત માળો બનાવ્યો. માળો બની ગયા પછી ઝીપે ચકુને તેના નવા માળામાં મૂકી દીધી. ચકુ ખૂબ ખુશ થઈ ગઈ. તેણે ઝીપનો આભાર માન્યો. તે દિવસથી ઝીપ માત્ર એક રોબોટ ન રહ્યો. તે ચકુનો મિત્ર બની ગયો. રોજ સવારે ચકુ તેના માટે મધુર ગીત ગાતી અને ઝીપ તેનું ગીત સાંભળીને સફાઈ કરતો. ■



રે વાર્તા!

મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

કટોકટી દરમિયાન તે બંધારણમાં ધર્મનિરપેક્ષ શબ્દનો સમાવેશ કર્યો ન હતો : વિ.હિ.પ. મહાસચિવ મિલિંદ પરાંડે

નવી દિલ્હી, તા.૨૯

વિશ્વ હિન્દુ પરિષદના મહાસચિવ મિલિંદ પરાંડેએ એક નિવેદન આપતા કહ્યું કે બંધારણ નિર્માતાઓએ બંધારણમાં ધર્મનિરપેક્ષ શબ્દનો સમાવેશ કર્યો ન હતો. કટોકટી દરમિયાન તે બંધારણમાં ઉમેરવામાં આવ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) રાષ્ટ્રીય સંગઠનના મહાસચિવ મિલિંદ પરાંડેએ આજે નાગપુરમાં જણાવ્યું હતું કે બંધારણ નિર્માતાઓએ બંધારણમાં 'ધર્મનિરપેક્ષ' શબ્દનો સમાવેશ કરવાનું સમર્થન કર્યું નથી, જે પછીથી સંસદમાં કોઈપણ ચર્ચા વિના બંધારણમાં ઉમેરવામાં આવ્યો હતો. બંધારણમાં પાછળથી ઉમેરવામાં આવેલા અને બંધારણની રચના સમયે હાજર ન હોય તેવા શબ્દોને VHP કેવી રીતે જુએ છે તે પૂછવામાં આવતા, પરાંડેએ કહ્યું કે ઘણા



વિદ્વાનો, મહાન ન્યાયશાસ્ત્રીઓ, દાર્શનિકો અને અન્ય લોકોએ સાથે મળીને આપણું બંધારણ બનાવ્યું હતું અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણની રચનામાં ખૂબ મોટી ભૂમિકા ભજવી હતી. પરાંડેએ કહ્યું કે બંધારણ સભા દરમિયાન, ધર્મનિરપેક્ષ શબ્દને 'ધર્મનિર્પેક્ષ' તરીકે લખવો જોઈએ કે નહીં તે અંગે ચર્ચા થઈ હતી. તે સમયે કોઈએ તેનું સમર્થન કર્યું ન હતું, ન તો ડૉ. બાબાસાહેબ આંબેડકરે તેનું સમર્થન કર્યું હતું કે ન તો ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, જે પાછળથી ભારતના રાષ્ટ્રપતિ બન્યા, તેમણે તેનું સમર્થન કર્યું હતું.

બિહારમાં જો મોટા પાયે નામો બાકાત રાખવામાં આવશે, તો અમે તાત્કાલિક હસ્તક્ષેપ કરીશું : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૯

આજે સુપ્રીમ કોર્ટમાં બિહાર એસઆઈઆર કેસની સુનાવણી થઈ. અરજદારો વતી વરિષ્ઠ વકીલો કપિલ સિબ્બલ અને ગોપાલ શંકરનારાયણન અને એડવોકેટ પ્રશાંત ભૂષણ હાજર રહ્યા. સિબ્બલે કહ્યું કે અમે નક્કી કર્યું છે કે કોણ કેટલા સમય માટે દલીલો આપશે, સમયપત્રક રજૂ કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો બિહારની મતદાર યાદીમાંથી મોટા પાયે નામો દૂર કરવામાં આવ્યા છે, તો અમે તાત્કાલિક હસ્તક્ષેપ કરીશું. ૧૫ લોકોને લાવો જે કહે છે કે તેઓ જીવિત છે. ચૂંટણી પંચે કહ્યું કે લોકોને વાંધો ઉઠાવવાનો અધિકાર છે. ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે, આ લોકોને તેમના નામ ઉમેરવામાં મદદ કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજકીય પક્ષોએ આ સમયે એનજીઓની જેમ કામ કરવું જોઈએ. સિબ્બલે કહ્યું કે તેઓ જાણે છે કે આ ૬૫ લાખ લોકો કોણ



છે? પ્રશાંત ભૂષણે કહ્યું કે ચૂંટણી પંચે એક પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું છે કે આ ૬૫ લાખ લોકો કાં તો મૃત્યુ પામ્યા છે અથવા કાયમી રીતે સ્થળાંતર કરી ગયા છે. સિબ્બલે કહ્યું કે જો તેઓ ડ્રાફ્ટ યાદીમાં નામોનો ઉલ્લેખ કરે છે, તો અમને કોઈ સમસ્યા નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો ડ્રાફ્ટ યાદીમાં કંઈક સ્પષ્ટ રીતે લખાયેલું નથી, તો તમે અમને જણાવો. ન્યાયાધીશ સૂર્યકાંતે અરજદારોના વકીલો દ્વારા આપવામાં આવેલી દલીલોનું સમયપત્રક વાંચ્યું. તેમણે કહ્યું કે અમે દલીલો માટે ૩ કલાકનો સમય આપીશું.

૧.૫ કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા બે આરોપીઓને સ્પે.એનડીપીએસ કોર્ટે ૧૫ વર્ષ કેદની સજા ફટકારી

અમદાવાદ,તા.૨૯

વર્ષ ૨૦૧૯માં એસ.જી. હાઈવે પર કાઈમ બ્રાન્ચના અધિકારીઓએ મઝહર હુસેન તેજાબવાલા અને ઈમ્તિયાઝ શેખ નામક શખ્શો પાસેથી ૧.૫ કરોડના ડ્રગ્સ સહિત ૨.૦૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ કેસમાં સ્પે.એનડીપીએસ કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવીને ૨ લાખ રુપિયાનો દંડ અને ૧૫ વર્ષની સજા ફટકારી છે. મદદનીશ સરકારી વકીલ દિલીપસિંહ ઠાકોરે કેસમાં ધારદાર દલીલો કરતા સ્પે. એનડીપીએસ કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. આ ઉપરાંત કોર્ટે આરોપીઓ પાસેથી મળેલ રોકડ રકમ મામલે ઈક્મટેક્સ વિભાગને જાણ કરવા કોર્ટે આદેશ કર્યો છે. અમદાવાદ ૨૪ કલાક ધમધમતા એસ.જી. હાઈવે પર ૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ કાઈમ બ્રાન્ચના અધિકારીઓએ મઝહર હુસેન તેજાબવાલા અને ઈમ્તિયાઝ શેખ નામક શખ્શો પાસેથી ૧.૫ કરોડના ડ્રગ્સ સહિત ૨.૦૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પહેલગામ હુમલામાં માર્યા ગયેલા લોકોના ૨૨ બાળકોના શિક્ષણની જવાબદારી રાહુલ ગાંધી લેશે

નવીદિલ્હી,તા.૨૯

૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. આ હુમલા પછી, ભારતીય સેનાએ બદલો લેવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. ભારતે પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. આ પછી, બંને દેશો વચ્ચે લગભગ ૪ દિવસ સુધી સંઘર્ષ જોવા મળ્યો. આ સંઘર્ષ દરમિયાન ઘણા લોકો મૃત્યુ પામ્યા. ૨૨ બાળકો એવા હતા જેમણે કાં તો પોતાના સંબંધીઓ ગુમાવ્યા હતા અથવા પરિવારના એકમાત્ર સભ્યને ગુમાવ્યો હતો. હવે રાહુલ ગાંધીએ આ બાળકોને દત્તક લેવાનો નિર્ણય લીધો છે. અહેવાલ મુજબ, જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસના પ્રમુખ તારિક હમીદ કારાએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી આ ૨૨ બાળકોના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવશે. આ



એવા બાળકો છે જેમના પરિવારમાં કોઈ કમાનાર સભ્ય બચ્યો નથી. બુધવારે રાહુલ ગાંધી દ્વારા બાળકોને પહેલો હપ્તો આપવામાં આવશે. જો કોંગ્રેસના નેતાનું માનવું હોય તો, બાળકો ગ્રેજ્યુએશન પૂર્ણ ન કરે ત્યાં સુધી આ મદદ ચાલુ રહેશે. ઓપરેશન સિંદૂર અને ભારત-પાકિસ્તાન સંઘર્ષ પછી, રાહુલ ગાંધી પૂંચની મુલાકાતે ગયા. અહીં તેઓ સ્થાનિક લોકો સાથે મળ્યા. પાર્ટીના નેતાઓએ જણાવ્યું હતું કે સર્વેક્ષણ અને સરકારી રેકોર્ડની ચકાસણી બાદ બાળકોના નામ નક્કી કરવામાં આવ્યા છે.

ફડણવીસ શિવસેના અને એનસીપીના વિવાદાસ્પદ મંત્રીઓ સામે કડક કાર્યવાહી કરવાના મૂડમાં

મુંબઈ,તા.૨૯

મહારાષ્ટ્ર સરકારમાં બધું બરાબર નથી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ શિવસેના અને એનસીપીના મંત્રીઓ સાથે જોડાયેલા વિવાદોથી ખુશ નથી. જો સૂત્રોનું માનીએ તો, દેવેન્દ્ર ફડણવીસ વિવાદાસ્પદ નેતાઓ સામે કાર્યવાહી કરવા માંગે છે પરંતુ અજિત પવાર અને એકનાથ શિંદે તેમ કરી રહ્યા નથી. અહીં વિપક્ષ પણ મહાયુતિ સરકાર પર વિવાદાસ્પદ મંત્રીઓને દૂર કરવા માટે દબાણ કરી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે દેવેન્દ્ર ફડણવીસ હવે ટૂંક સમયમાં મંત્રીમંડળમાં ફેરફાર કરી શકે છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી મહાયુતિ સરકારના ત્રણ મંત્રીઓ વિવાદોમાં ફસાયેલા છે. આના કારણે સરકારને શરમનો સામનો કરવો પડ્યો છે. સૌપ્રથમ, સામાજિક ન્યાય મંત્રી સંજય શિરસાટનો વિવાદ સામે આવ્યો. તેઓ એકનાથ શિંદે જૂથના મંત્રી છે. સંજય શિરસાટ પર છત્રપતિ સંભાજીનગરમાં એક હોટલની હરાજીને 'મેનેજ' કરવાનો આરોપ છે.

AIIMS હોસ્પિટલ અમરેલી દ્વારા CPR તાલીમ યોજાઈ

અમરેલી,તા.૨૯

અમરેલીની AIIMS હોસ્પિટલ ખાતે સોમવારના રોજ CPR (કાર્ડિયો-પલ્મોનરી રિસસિટેશન) તાલીમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. કશ્યપ પટેલ, ડૉ. કેયુર કોટડિયા, અને ડૉ. આશા ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ તાલીમમાં દર્દીના સગા-સંબંધીઓ અને હોસ્પિટલના સ્ટાફ સભ્યોએ





ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ. કેયુર કોટડિયાએ તબીબી કટોકટીમાં CPR દ્વારા કેવી રીતે જીવન બચાવી શકાય તેની વિસ્તૃત માહિતી આપી હતી. કુલદીપભાઈ ભમ્મર, ભરતભાઈ રાજ્યગુરુ, અને કુંતલભાઈ પાંડિયા (USV ફાર્મા) એ આ આયોજનને સફળ બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. આ તાલીમથી ઘણા લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

સી.પી.આર.ની તાલીમથી અનેક લોકોને માહિતીગાર કરવામાં આવ્યા

કોડીનારના છાછર ગામમાં હડકાયા શ્વાનનો આતંક, ૧૫થી વધુ લોકોને બચકા ભર્યા

કોડીનાર,તા.૨૯

કોડીનાર તાલુકાના છાછર ગામમાં એક હડકાયા શ્વાનના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. આ શ્વાને છેલ્લા થોડા સમયમાં ૧૨ થી ૧૫ થી વધુ લોકોને બચકા ભર્યા હોવાના અહેવાલ છે, જેના કારણે ગામ લોકોમાં દહેશત વ્યાપી ગઈ છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક કોડીનાર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર



અર્થે ખસેડવામાં આવ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલા એક આખલો હડકાયો થયો હતો, જેનો ચેપ એક શ્વાનને લાગ્યો હતો અને ત્યારબાદ તે બંનેના મોત થયા હતા. હવે વધુ એક શ્વાન હડકાયો બનતા ગામમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામના યુવાનો દ્વારા આ હડકાયા શ્વાનને ગામથી દૂર ભગાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હડકાયો શ્વાન વધુ કોઈ ગ્રામજનોને નિશાન બનાવે તે પહેલા તેને પકડી પાડવા ગ્રામજનોએ તંત્ર સમક્ષ માંગ કરી છે.

ધોરાજી નજીક મળેલી પિતા-પુત્રીએ આપઘાત કર્યો હોવાનો થયો ખુલાસો

ધોરાજી,તા.૨૯

ધોરાજીના જામ કંડોરણા રોડ ઉપર ભાદર નદી માંથી પિતા-પુત્રીની લાશ મળતા જેનો ભેદ ઉકેલાયો હતો ગૃહ કંકાસને કારણે પિતા પુત્રીએ આપઘાત કર્યો હોવાનું પોલીસે જણાવ્યું પ્રાપ્ત માહિતી મુજબ ધોરાજી જામકંડોરણા રોડ ઉપર આવેલી ભાદર બે નદીના તરવડાના કાંઠા પાસે પિતા અને પુત્રીની ચુંદડી બાંધેલી હાલતમાં લાશ મળી આવતા ભારે ચર્ચા આપી ગઈ હતી. આ બાબતે જામકંડોણા પોલીસ દ્વારા જેનો ભેદ જામકંડોરણા સઘન તપાસ હાથ ધરતા હકીકત સામે આવી હતી. જામકંડોરણા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર બી વાઢીયાએ માહિતી આપતા જણાવેલ કે ભાદર નદીમાંથી પિતા અને પુત્રીની બાંધેલી હાલતમાં લાશ મળતા



તપાસ હાથ ધરતા તે જૂનાગઢના મુસ્લિમ પરિવારના પિતા-પુત્રીની લાશ હોવાનું જાહેર થયું હતું અને તેમના સ્વજનોની શોધખોળ કરતા તેમના પરિવારજનો મળી આવ્યા હતા અને મરણ જનારની પત્ની એ જામકંડોરણા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા જણાવેલ કે ફરિયાદી તરનુમબેન ફેજલભાઈ ગફારભાઈ વીજળીવાળા, જાતે-ખત્રી(મુસ્લીમ), ઉ.વ.૩૮, ધંધો-ઘરકામ, રહે.જુનાગઢ,. મારા પતિને મીઠાઈ ફરસતનું કામકાજ હતું. લગ્ન જીવનના ૨૧ વર્ષ સુધી અને અમારે સંતાન ન હોય જેથી મારા પતિ ટેન્શનમા રહેતા હતા ત્યારબાદ અમારે ટેસ્ટયુબ દ્વારા એક દિકરી અનમફાતીમાનો જન્મ થયેલ હતો. અને અમારી દિકરી અનમફાતીમાને અવાર નવાર નાની મોટી બીમારી રહેતી હતી અને દિકરીને સાચવવા બાબતે મારે તથા મારા પતીને અવાર નવાર ઝઘડા થતા હતા. અને જેને લઈ આવું પગલું ભર્યું હોવાનો ખુલાસો થવા પામ્યો હતો.

રશિયાએ યુક્રેનની જેલ પર હુમલો કરતા ૧૭ કેદીઓના મોત, ૮૦થી વધુ ઘાયલ

કીવ,તા.૨૯

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ છે. યુદ્ધની વચ્ચે, તાજેતરના દિવસોમાં રશિયા દ્વારા યુક્રેનના ઘણા શહેરો પર ઘાતક હુમલા કરવામાં આવી રહ્યા છે. દરમિયાન, રશિયાએ ફરી એકવાર યુક્રેન પર મોટો હુમલો કર્યો છે. યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે જેલ પર રશિયન હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૭ કેદીઓ માર્યા ગયા છે અને ૮૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. રશિયાએ યુક્રેનના દક્ષિણપૂર્વીય ઝાપોરિઝિયા પ્રદેશમાં એક જેલને લક્ષ્ય બનાવીને હવાઈ હુમલા કર્યા છે. યુક્રેનની 'સ્ટેટ ક્રિમિનલ એક્ઝિક્યુટિવ સર્વિસ' અનુસાર, સોમવારે મોડી રાત્રે આ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા દરમિયાન જેલને લક્ષ્ય બનાવીને ચાર બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૪૨ કેદીઓને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૪૦ અન્ય લોકોને અન્ય પ્રકારની ઈજાઓ થઈ છે.

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૪૩/૨૦૨૫ તા.૨૫/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. દિલીપકુમાર દુર્લભભાઈ નાગ્રેચા
રહે. ૧૪/૧૪૫/એ/એસ-૧, ફલેટ નં.૨૦૧, લીશા કોમ્પલેક્ષ, એરપોર્ટ રોડ, આદિત્ય કોમ્પલેક્ષ સામે, મશાલ ચોક, નાનીદમણ - ૩૯૬૨૧૦

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના બહેન નાગ્રેચા દિમીબેન દુર્લભજીનો જન્મ તા.૧૮/૦૯/૧૯૫૯ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૨૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- માવજીભાઈ હરિભાઈ દુધાત,
રે. મોટા ઝીંઝુડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-૧. તકમશ્રી મોટા ઝીંઝુડા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી દુધાત સાકરબેન હરીભાઈનું મરણ તા.૧૫/૦૨/૨૦૧૪ ના રોજ મુ.મોટા ઝીંઝુડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા

-// એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૬૧/૨૦૨૫

શ્રી હંસાબેન મનસુખભાઈ કથીરીયા
રે. ગોખરવાળા મોટા, તા.જી. અમરેલી
મો.૯૪૦૮૦૮૮૨૮૯ .....અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, અંટાળીયા .....સામાવાળા

બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હંસાબેન મનસુખભાઈ કથીરીયાના પુત્ર રમેશભાઈ મનસુખભાઈ કથીરીયાનો જન્મ તા.૧૬/૦૭/૧૯૭૭ ના રોજ અંટાળીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

શ્રી નવી હળીયાદ ગ્રામ પંચાયત, તા.બગસરા, જિ.અમરેલી

-:: જાહેર હરાજી ::-

આથી રસ ધરાવાતા ઈસમોને જણાવવાનું કે, શ્રી નવી હળીયાદ ગ્રામ પંચાયત, તા.બગસરા, જિ.અમરેલી ખાતે આવેલ જર્જરીત અવેડો, શાળાની પાછળ આવેલ પાણીની ટાંકી, ટોઈલેટ, સ્નાનઘાટ એમ કુલ ચાર મિલકત તોડી માલ સામાન લઈ જઈ ખુલ્લુ ગ્રાઉન્ડ કરી આપવા માટે શ્રી નવી હળીયાદ ગ્રામ પંચાયતની તા.૨૪/૦૩/૨૦૨૫ ની સામાન્ય સભા બેઠકના ઠરાવ ક્રમે - ૧૨ તેમજ તાલુકા પંચાયત - બગસરાની બાંધકામ શાખાના અને પ્રમાણપત્ર મુજબ અપસેટ પ્રાઈઝ અવેડાના રૂ.૭૨૯૦/- (અંકે સાત હજાર બસો નેવુ), શાળાની પાછળ આવેલ પાણીની ટાંકીના રૂ.૩૯.૦૦૦/- (અંકે ઓગણચાલીસ હજાર), ટોઈલેટના રૂ.૧૧૨૫/- (અંકે એક હજાર એકસો પચ્ચીસ), સ્નાનઘાટના રૂ.૪૦૫૦/- (અંકે ચાર હજાર પચાસ) પુરા ઉપરની જાહેર હરાજીની બોલીથી વધારેમાં વધારે બોલી બોલનારને આ કામ આપવાનું છે. જાહેર હરાજીમાં ભાગ લેવા માટે અવેડો, ટોઈલેટ, સ્નાનઘાટ આ ત્રણ મિલકતના રૂ.૧૦૦૦/-(અંકે એક હજાર) ની ડિપોઝીટ જમા તથા શાળાની પાછળ આવેલ ટાંકીના રૂા.૭.૫૦૦/- (અંકે સાત હજાર પાંચસો) ની ડિપોઝીટ જમા કરાવીને હરાજીમાં ભાગ લઈ શકાશે. હરરાજી મંજુર કે નામંજુર કરવાનો અધિકાર સરપંચશ્રી નવી હળીયાદ ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

જાહેર હરાજીની બોલીઓ અને શરતો સ્થળ ઉપર રૂબરૂ વાંચી સંભાળવવામાં આવશે. કોઈપણ સંજોગો વસાત જાહેર હરરાજી બંધ રહે તો પછીની તારીખે આજ સ્થળે જાહેર હરરાજી કરવામાં આવશે.

::- હરાજી તારીખ : ૦૫/૦૮/૨૦૨૫

::- સમય : સાવરે ૧૦:૩૦ કલાકે

::- સ્થળ : નવી હળીયાદ ગ્રામ પંચાયત કચેરી

સરપંચશ્રી - એન.બી. દુધાત
નવી હળીયાદ ગ્રામ પંચાયત

તલાટી કમ મંત્રીશ્રી - વી. એચ
નવી હળીયાદ ગ્રામ પંચાયત

નામ બદલાવેલ છે

આથી હું કપાસી ફરિદાબેન ખોજેમાભાઈ જાહેર કરૂ છું કે મે મારૂ જુનુ નામ કપાસી ફરિદાબહેન ખોજેમા માંથી બદલાવીને કપાસી ફરિદાબેન ખોજેમાભાઈ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું કપાસી ફરિદાબેન ખોજેમાભાઈ તરીકે ઓળખાઈશ.

સહીઃ કપાસી ફરિદાબેન ખોજેમાભાઈ
એડ્રેસઃ સેવકમંડળ દવાખાના પાછળ, સરકારવાડા, અમરેલી, ગુજરાત - ૩૬૫૬૦૧

રાજુલા તાલુકાના ગામડાઓમાં પીપાવાવ પોર્ટ સામે પાણી મુદ્દે વિરોધ

રાજુલા,તા. ૨૯

રાજુલા તાલુકાના રામપરા, દેવપરા, ભેરાઈ સહિતના ગામડાઓમાં પીપાવાવ પોર્ટ દ્વારા પીવાના પાણીની પાઈપલાઈનમાં મીટર લગાવવાના પ્રયાસો સામે ઉગ્ર વિરોધ પ્રદર્શનો થયા છે. ગ્રામજનો, ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોએ આકોશ સાથે રોષ વ્યક્ત કર્યો છે.આજે મોટી સંખ્યામાં લોકો ફોરવે માર્ગ પર ઉમટી પડ્યા હતા અને પીપાવાવ પોર્ટ સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. પીપાવાવ મરીન પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, રાજુલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ, અને અનેક સરપંચો સહિતના આગેવાનો ગ્રામજનોના સમર્થનમાં જોડાયા હતા. ગ્રામજનોનો મુખ્ય મુદ્દો એ છે



કે મહી પરીયોજના હેઠળ તેમને વર્ષોથી પીવાનું પાણી મળી રહ્યું છે. પીપાવાવ પોર્ટે અગાઉ આ ગામડાઓ દત્તક લીધા હતા અને પાણી પૂરું પાડવાનું વચન આપ્યું હતું. રામપરા ગામના સરપંચ છનાભાઈ વાઘે જણાવ્યું કે પોર્ટ દ્વારા રોડ પહોળો કરવા માટે તેમના બે કુવા પણ બુરી દેવામાં આવ્યા હતા, અને પાણી આપવાનું વચન અપાયું હતું. હવે અચાનક મીટર લગાવવાની કામગીરી શરૂ થતા ગ્રામજનોમાં રોષ ફેલાયો છે.ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ તંત્રના અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે, જ્યાં સુધી પાણીનો ટાંકો ન બનાવવામાં આવે ત્યાં સુધી મીટર લગાવવાનું કોઈ કામ કરવામાં ન આવે. તેમણે જણાવ્યું કે ભેરાઈ અને રામપરા ગામ માટે પાણીનો કોઈ બીજો વિકલ્પ નથી. કાશીબેન નામના સ્થાનિક રહેવાસીએ પણ જણાવ્યું કે, અગાઉથી પાણી મળતું હતું અને હવે પોર્ટ દ્વારા પાણી બંધ કરવાની વાત છે.રાજુલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલે પણ તંત્રને જણાવ્યું હતું કે ,પોલીસ અને વહીવટી તંત્રને આગળ રાખીને કરવામાં આવતી કોઈ પણ કામગીરી ચલાવી લેવામાં આવશે નહીં.

પીપાવાવ પોર્ટનું નિવેદન

પીપાવાવ પોર્ટના પી.આર.ઓ. શિવેન્દ્ર ચૌહાણે જણાવ્યું કે, ગામવાળા સાથે તેમને કોઈ સમસ્યા નથી. તેમણે દાવો કર્યો કે પાણી કાપવામાં આવ્યું નથી, પરંતુ વેલ્ડીંગના કારણે સફાઈ ચાલી રહી હતી. તેમણે સ્થાનિક લોકો સાથે મીટિંગ રાખીને આ મુદ્દાનો સુખદ અંત લાવવાનો પ્રયાસ કરવાની ખાતરી આપી છે. આગામી સમયમાં ધારાસભ્ય સહિતના આગેવાનો અને પોર્ટના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાશે તેવી પણ ખાતરી અપાઈ છે.

કલોલ નગરપાલિકામાં પૂર્વ કોર્પોરેટરે ચીફ ઓફિસરની ચેમ્બરમાં ઝેરી દવા ગટગટાવી

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતના કલોલ નગરપાલિકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં વોર્ડ નંબર ૧૧ના પૂર્વ કોર્પોરેટર દીપક મકવાણાએ નગરપાલિકાના ચીફ ઓફિસરની ચેમ્બરમાં જ ઝેરી દવા ગટગટાવી લીધી. આ ઘટના બાદ તેમની તબિયત લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાએ સ્થાનિક વહીવટ અને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. દીપક મકવાણા, જેઓ કલોલ નગરપાલિકાના વોર્ડ નંબર ૧૧ના પૂર્વ કોર્પોરેટર છે, તેઓ પોતાના વિસ્તારના વિવિધ કામો સંબંધિત મુદ્દાઓને લઈને નગરપાલિકાના ચીફ ઓફિસરને મળવા ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ચીફ ઓફિસર સાથેની ચર્ચા દરમિયાન બોલાચાલી થઈ, જે ગંભીર વિવાદમાં ફેરવાઈ. આ વિવાદની પરાકાષ્ઠાએ દીપક મકવાણાએ ચીફ ઓફિસરની ચેમ્બરમાં જ ઝેરી દવા ગટગટાવી લીધી.

ઈફકો દ્વારા ખાતરની ૫૦ કિલોની ગુણમાં ભાવવધારો ઝીંકાયો

અમરેલી,તા.૨૯

ઈફકો (IFFCO) દ્વારા NPK ખાતરના ભાવમાં પ્રતિ ૫૦ કિલોની ગુણી દીઠ રૂ.૧૩૦ નો વધારો કરવામાં આવ્યો છે. આ ભાવ વધારો પહેલી જુલાઈ, ૨૦૨૫ થી ખરીદવામાં આવેલા ખાતર પર લાગુ પડશે. આ નિર્ણયને કારણે NPK ખાતરની ૫૦ કિલોની એક



ગુણી ખેડૂતોને હવે રૂ.૧૭૨૦ ના બદલે રૂ.૧૮૫૦ માં પડશે, જેનાથી કૃષિ ખર્ચમાં વધારો થવાની શક્યતા છે. ઈફકોના અધિકારીઓએ આ ભાવ વધારા પાછળનું કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા માલના ભાવમાં થયેલો વધારો અને NPK ખાતરમાં સરકાર તરફથી DAP જેટલી સબસિડી ન મળવી હોવાનું જણાવ્યું છે. પોટાશના ભાવમાં પણ વધારો થયો હોવાથી NPK ના ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધતા વધારો

રાજ્યમાં આ સિઝનમાં જેટલો થવો જોઈએ તેના કરતા ૩૨% ઓછો વરસાદ નોંધાયો

અમદાવાદ,તા.૨૯

ગુજરાતમાં જ્યારથી નૈઋત્યનું ચોમાસું બેઠું છે ત્યારથી સારો વરસાદ વરસી રહ્યો છે. જોકે, છેલ્લા થોડા દિવસથી રાજ્યમાં બ્રેક વાગતાં વાગતાં વરસાદ થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. આજે હવામાન વિભાગે હજી ૨૪ કલાક રાજ્યના ૧૦ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપી છે. જે બાદ છ દિવસ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા દર્શાવી છે. ત્યારે રાજ્યમાં કયા જિલ્લામાં કેટલો વરસાદ વરસ્યો છે તે અંગેની માહિતી જોઈએ. જિલ્લાવાર વરસાદની વાત કરીએ તો ગીર સોમનાથ જિલ્લામાં સામાન્યથી ૩૨ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. મતલબ કે, આ સિઝનનો અત્યાર સુધીમાં જેટલો વરસાદ થવો જોઈએ એના કરતાં ૩૨ ટકા ઓછો વરસાદ થયો છે. તો બીજી બાજુ સિઝનનો સૌથી વધુ વરસાદ ધરાવતા જિલ્લાની વાત કરીએ તો બોટાદ જિલ્લામાં સિઝનનો સૌથી વધુ ૮૫.૩૯ ટકા વરસાદ થઈ ચૂક્યો છે. અમરેલી જિલ્લામાં સામાન્ય કરતા સાત ટકા ઓછો વરસાદ પડ્યો છે.

ધ્રોલમાં એક જ પરિવારના ત્રણ બાળકોના રમતાં-રમતાં પાણી ભરેલા ઊંડા ખાડામાં ડૂબી જતા મોત

(એચ.એસ.એલ),જામનગર,તા.૨૯

જામનગરના ધ્રોલમાં એક જ પરિવારના ત્રણ બાળકોનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આ બનાવની વિગત મુજબ ધ્રોલ તાલુકાના વાંકિયા ગામે આ હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગામમાં ખેતમજૂરી કરતા એક પરિવારના ત્રણ બાળકોના પાણી ભરેલા ખાડામાં ડૂબી જવાથી મોત



નિપજ્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, વિશાલ, ટીનુબેન અને શકીના નામના ત્રણ બાળકો ઘરની નજીક રમી રહ્યા હતા. રમતાં-રમતાં તેઓ નજીકના પાણી ભરેલા ઊંડા ખાડામાં પડી ગયા હતા. બાળકોને તરતા ન આવડતું હોવાથી ત્રણેય ડૂબી ગયા હતા.ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને પરિવારજનો તરત જ દોડી આવ્યા હતા. બાળકોને બહાર કાઢીને તાત્કાલિક ધ્રોલની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબે ત્રણેય બાળકોને તપાસીને મૃત જાહેર કર્યા હતા.આ દુર્ઘટનાની જાણ થતાં ધ્રોલ પોલીસ તરત જ હોસ્પિટલ પહોંચી હતી.પોલીસે મૃતદેહોનો કબજો લઈને પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

રાજકોટમાં યુવાનોને નશાના રવાડે ચડાવનાર બે શખ્સોની મેફેડ્રોન સાથે ધરપકડ કરાઈ

રાજકોટ,તા.૨૯

રાજકોટ શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડાવનારા હિસ્ટ્રી શીટર રણજીત ઉર્ફે કાનો ટિકિટ અરવિંદભાઈ ગોહેલ તેમજ હિતેન્દ્રસિંહ ઉર્ફે હકો કડી, ભુપતસિંહ જાડેજા નામના વ્યક્તિઓની મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે ધરપકડ કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં હિસ્ટ્રી શીટર રણજીત ઉર્ફે કાનો ટિકિટ છેલ્લા



એક વર્ષથી ડ્રગ્સના કાળા કારોબાર સાથે સંકળાયેલો હતો. તેમજ હાલ તેની પાસેથી ઝડપાયેલો ૩૦ લાખથી વધુનો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો રાજસ્થાની શખ્સ પાસેથી મેળવ્યો હોવાની કબુલાત આપી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ નશાના કાળા કારોબાર સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા ગુજરાત બહારથી નશીલા પદાર્થો લાવીને રાજકોટ શહેરમાં છૂટક વેચાણ કરીને આર્થિક ફાયદો મેળવવામાં આવી રહ્યો છે. ત્યારે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમને ચોક્કસ રાહેથી હકીકત મળી હતી કે, છેલ્લા ૧૪ વર્ષથી પ્રોહિબિશનના ધંધા સાથે સંકળાયેલો રણજિત ઉર્ફે કાનો ટિકિટ હાલ ડ્રગ્સના ધંધા સાથે સંકળાયેલો છે.

મુખ્યમંત્રીની સીધી દેખરેખ નીચે અંબાજી મંદિરથી ગબ્બર સુધી ભવ્ય કોરિડોર બનશે

અંબાજી,તા.૨૯

અરવલ્લીની પર્વતમાળાનું આધ્યાત્મિક કેન્દ્રબિંદુ એટલે શ્રી અંબાજી માતા મંદિર. ગુજરાત સહિત સમગ્ર દેશ અને વિશ્વમાં જાણીતાં તથા કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનાં પ્રતિક અંબાજી યાત્રાધામ ખાતે ભાદરવી પૂનમના મેળા સહિત તમામ પૂનમે અને લગભગ આખું વર્ષ પણ લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે. વડાપ્રધાન



નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ યાત્રાધામનો બહુમુખી વિકાસ થતો રહ્યો છે અને રાજ્ય સરકાર હવે અંબાજી યાત્રાધામને મૉડેલ ટેમ્પલ ટાઉનના બેન્ચમાર્ક તરીકે વિકસાવવા માંગે છે. તેના માટે રાજ્ય સરકારે રૂ. ૧૬૩૨ કરોડનો મેગા માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ માસ્ટર પ્લાનના અમલીકરણ પર સીધી દેખરેખ રાખી રહ્યાં છે, તો રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પણ તાજેતરમાં માસ્ટર પ્લાનના અમલીકરણ અંગે મહત્વની બેઠક કરી છે.

ગોધરાકાંડના ત્રણ દોષિતોને ૧૯ વર્ષ બાદ નિર્દોષ જાહેર કરતી ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૨૯

૨૦૦૨ના ગોધરાકાંડ પછીના રમખાણોના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આણંદની ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ૨૦૦૬માં ત્રણ વ્યક્તિઓ-સચિન પટેલ, અશોક પટેલ અને અશોક ગુમાને રમખાણો, આગચંપી અને ગેરકાયદેસર સભા જેવા આરોપોમાં દોષિત ઠેરવીને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. લગભગ ૧૯ વર્ષની લાંબી કાનૂની લડાઈ બાદ, ગુજરાત હાઈકોર્ટે આ ત્રણેયને નિર્દોષ જાહેર કર્યા છે, કારણ કે તેમની સજા વિશ્વસનીય પુરાવાઓ પર આધારિત ન હતી. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા રેલવે સ્ટેશન પર સાબરમતી એક્સપ્રેસના જી-૬ કોચમાં આગ લગાડવામાં આવી હતી, જેમાં ૫૯ લોકોના મોત થયા હતા. આ રમખાણો દરમિયાન, આણંદના એક વિસ્તારમાં ટોળાએ દુકાનોને નુકસાન પહોંચાડ્યું અને કેટલીકને આગ લગાવી હોવાનો આરોપ હતો.

ગુજરાતમાં સંગઠનને મજબૂત બનાવવા માટે કોંગ્રેસ વિવિધ સમાજમાંથી કાર્યકારી પ્રમુખ બનાવશે

અમદાવાદ,તા.૨૯

ગુજરાતમાં કોંગ્રેસ ફરી બેઠી થવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ કારણે રાહુલ ગાંધીનું ફોકસ પણ ગુજરાત તરફ વળી ગયું છે. રાહુલ ગાંધી સતત ગુજરાત આવીને ગુજરાત કોંગ્રેસમા નવા પ્રાણ ફૂંકી રહ્યા છે અને જાહેરાતો કરી રહ્યા છે. ત્યારે હવે ગુજરાતમાં સંગઠન મજબૂત કરવા માટે વિવિધ સમાજનો




સહારો લેવામાં આવશે. વિવિધ સમાજમાંથી આવનારાઓ કાર્યકારી પ્રમુખ નીમાશે. ગુજરાત કોંગ્રેસમાં હવે દરેક સમાજના નેતાઓનો સમાવેશ થયેલો જોવા મળશે. અમિત ચાવડા પોતાની નવી ટીમ બનાવવા જઈ રહ્યાં છે. જેમાં ૬ થી ૭ કાર્યકારી પ્રમુખોની નિમણૂંક કરવામાં આવશે. જેમાં વિવિધ સમાજ અને જ્ઞાતિના લોકોનો સમાવેશ કરાશે. ખાસ કરીને પાટીદાર કારણ કે, પાટીદાર સમાજના કોઈ નેતાને કોંગ્રેસમાં કોઈ ખાસ પદ મળ્યું નથી, તેથી પાટીદાર નેતાને જવાબદારી મળી શકે છે.



લોકસાહિત્યકાર મીરાબેન આહિરે રાજકોટ સીવીલ હોસ્પીટલની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૯

રાજકોટ સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. વધુ એક સિંગર અને લોકસાહિત્યકારને સિવિલ હોસ્પિટલમાં કડવો અનુભવ થયો છે. લોકસાહિત્યકાર હકાભા ગઢવી બાદ હવે લોકસાહિત્યકાર અને સિંગર મીરાબેન આહિરે વીડિયો શેર કરીને સિવિલ તંત્રની ઘોર બેદરકારી અને ઉદાસીન કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે. ઈમરજન્સી વિભાગમાં કામ કરતા ડોક્ટર અને સ્ટાફે ગેરવર્તન અને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હોવાનો પણ મીરાબેને આક્ષેપ કર્યો છે.રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર સામે વધુ એક કલાકારે ગંભીર આક્ષેપ કર્યા છે. અગાઉ લોકસાહિત્યકાર હકભા ગઢવીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કડવો અનુભવ થયો હતો. ત્યારે હવે લોકસાહિત્યકાર અને સિંગર મીરાબેન આહિરે વીડિયો બનાવી



પોતાની સાથે થયેલ ગેરવર્તણૂક અને આપવીતી વર્ણવી છે. મીરાબેન આહિરે વીડિયો બનાવી રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર સામે ગંભીર આક્ષેપ કર્યા છે. તેમણે વીડિયોમાં કહ્યું કે, તેમના ભાઈને સિવિલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યારે ૪૫ મિનિટ સિવિલ હોસ્પિટલમાં રહ્યા બાદ પણ કોઈએ કેસ લખ્યો નહોતો.હોસ્પિટલનાં ઈમરજન્સી વિભાગમાં કામ કરતા ડોક્ટર અને સ્ટાફે ગેરવર્તન અને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હોવાનો આરોપ મીરાબેને કર્યો છે.

ઇન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમોમાંથી પાણી છોડવામાં આવતા નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો

અમદાવાદ,તા.૨૯

મધ્યપ્રદેશમાં ભારે વરસાદ ને પગલે સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસમાં આવેલા ઇન્દિરા સાગર ડેમના ૧૦ દરવાજા ખોલી ને ૧.૨૧ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું . અને ઓમકારેશ્વર ડેમના ૯ દરવાજા ખોલી ને ૧.૨૨ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. આ પાણી હવે સરદાર સરોવર નર્મદા બંધમાં આવતા નર્મદા બંધની જળસપાટીમાં વધારો નોંધાયો છે. નર્મદા ડેમમાં પાણીની અવાક ૧,૪૨,૦૩૩ ક્યુસેક થઈ એટલે ૨૪ કલાક માં ૮૦ સેમીનો વધારો નોંધાયો છે. હાલ જાવક સામે આવક વધતા નર્મદા ડેમની સપાટીમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. હાલ સપાટી ૧૨૫.૯૮ મીટરે પહોંચી છે. નર્મદા ડેમ મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે.હાલની સપાટી ૧૨૫.૯૮ મીટર છે એટલે મહતમ સપાટીથી ૧૨.૭ મીટર દૂર છે.હાલ સરદાર સરોવર નર્મદા ડેમ પર ઉપરવાસ માંથી ૧,૪૨,૦૩૩ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.નર્મદા ડેમ માંથી નદીમાં પાણીની જાવક – ૩૫,૮૯૦ ક્યુસેક અને કેનાલમાં પાણીની જાવક – ૨૧૪૮ ક્યુસેક છે.